اِنْ اُرِيْدُ اِلَّا الْاِصْلَاحَ مَا اسْتَطَعْتُ (القرآن)

''હું તો સુધારણા કરવા ઇચ્છુ છું, જેટલા પ્રમાણમાં મારાથી બની શકે.''(કુર્આન)

## શાળાઓ - સ્કૂલો - કૉલેજોમાં

# સંસ્કૃતની તા'લીમ
# અને
# ઇસ્લામિક દ્રષ્ટિકોણ

:: લેખક ::

મૌલાના મૂસા કરમાડી સાહેબ (લંડન-યુ.કે.)

પ્રકાશક

મજલિસે તહફ્ફુઝે અહલે સુન્નત વલ જમાઅત - યુ.કે. (ગુજરાત શાખા)

اِنْ اُرِيْدُ اِلَّا الْاِصْلَاحَ مَا اسْتَطَعْتُ (القرآن)

"હું તો સુધારણા કરવા ઈચ્છું છું, જેટલા પ્રમાણમાં મારાથી બની શકે."

## શાળાઓ-સ્કૂલો-કૉલેજોમાં

# સંસ્કૃતની તા'લીમ

# અને

# ઈસ્લામિક દૃષ્ટિકોણ

00 , BS 00


મૌલાના મૂસા કરમાડી સાહેબ દા.બ. (લંડન-યુ.કે.)

**ખલીફા :** હઝરત શૈખ મવલાના મુહંમદ કમરુઝઝમાં સા. દા.બ.

(ઈલાહાબાદ, યુ.પી.)

E-mail : islamic_bookcentre@hotmail.com



**:: PUBLISHER ::**

Majlis-e-Tahaffuz-e-Ahle-Sunnat

Wal Jama'at London (U.K.)

C/o. Ismail Vali Bhuta (President - M.T.A.S.W.T. U.K.)

101 WINDSOR ROAD

LONDON - E7 ORA (U.K.)

કિતાબનું નામ : "શાળાઓ–સ્કૂલો–કૉલેજોમાં સંસ્કૃતની તા'લીમ અને ઈસ્લામિક દષ્ટિકોણ"

આવૃત્તિ : ચોથી; નવેમ્બર – ૨૦૦૮

પ્રત સંખ્યા : ૧૦૦૦ (એક હજાર)

લેખકનું નામ : મૌલાના મૂસા કરમાડી સા. દા.બ. (યુ.કે.)
ખલીફા : હઝરત શેખ મુહંમદ કમરુઝઝમાં સા. દા.બ.
ઈલાહાબાદ – યુ.પી.

પ્રકાશક : મજલિસે તહફફુઝે અહલે સુન્નત વલ જમાઅત (યુ.કે.)
101 WINDSOR ROAD
LONDON E7 ORA (U.K.)

પ્રસ્તાવના : હઝરત મવલાના ઈસ્માઈલ મુનવ્વરી (મનુબરી) સા. દા.બ.
તંત્રી : "દારુલ ઉલૂમ" માસિક

કિંમત :

ISTFA D| / JJFG| ; ZGFD|

:: ઈન્ડિયામાં ::

મવલાના ઈસ્માઈલ વલી ભૂતા
મરકઝી મસ્જિદ પાસે,
મુ.પો. ટંકારિઆ,
તા. જિ. ભરૂચ

:: ઈંગ્લેન્ડમાં ::

Maulana Ismail Vali Bhuta
101 WINDSOR ROAD
LONDON E7 ORA (U.K.)



# :: ઉઘડતા પાને ::

જૂન ૨૦૦૮માં મુસ્લિમ ટ્રસ્ટોના સંચાલન હેઠળ ચાલતી કેટલીક હાઈસ્કૂલ તથા મુસ્લિમ કૉલેજોમાં મરજિયાત ભાષા તરીકે સંસ્કૃત ભાષા શીખવવાના હેતુસર જે સંસ્કૃતના પુસ્તકો ભણાવવામાં આવી રહ્યા છે તેમાં ઈસ્લામી અકાઈદના વિરુદ્ધ ઈમાન બરબાદ થાય એવી શિર્કિય્યહ, કુફ્રિય્યહ તા'લીમની ભરમાર હોવાના કારણે આ પુસ્તિકા પ્રસિધ્ધ કરવામાં આવી હતી, જેમાં ઈસ્લામી તા'લીમના વિરોધી શિક્ષણ અને તેનાથી ઈમાન બરબાદ થવાના ખતરાથી મુસ્લિમ બાળકો, વાલીઓ, સંચાલકો તથા આમ મુસલમાનોને આગાહ કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે.

આ પુસ્તિકા બેહદ ઝિમ્મેદારી તથા નિખાલસપણે જ્યારે તૈયાર કરવામાં આવી હતી, તે જ વખતથી મને અલ્લાહની જાતથી પૂરી ઉમ્મીદ હતી કે આ પુસ્તિકાને જે પણ કલમાગો મુસલમાન વાંચશે તો જરૂર તેમની ઈમાની ગયરત હરકતમાં આવી જશે. અલ્હમ્દોલિલ્લાહ આમ જ થયું, જે વિચાર્યું હતું તેમજ થયું. ગુજરાતના એક હજારથી વધુ ગામો તથા ઈંગ્લેન્ડમાં હઝારો મુસલમાનોના હાથમાં આ પુસ્તિકા પહોંચી.

અલ્હમ્દોલિલ્લાહ ! વાંચનાર લગભગ બધાએ જ ખુશીનો ઈઝહાર કર્યો તથા મુસ્લિમ કૌમને એક અઝીમ ફિત્નાથી આગાહ કરવા બદલ શુક્રિયા, પ્રસંશા તથા દુઆઓથી નવાજ્યા. આ વગર બીજી ત્રણ જગ્યાએથી અમુક ભાઈઓએ આ પુસ્તિકાને એક એક હઝાર છપાવી મફત વહેંચી. કેટલીક સ્કૂલોમાંથી આ શિર્કથી ભરપૂર

સાહિત્યોને તિલાંજલી આપી અને એની જગ્યાએ ઉર્દૂ—ફારસીના વિષયો ચાલુ કરવાના શુભ સમાચારો મળ્યા.

આ પુસ્તિકા ઈસ્લામની રોશનીમાં આપણાં બે મશ્હૂર મુફતી સાહેબાનના ફતવા સાથે બહાર પાડવામાં આવી છે જે વાંચીને અમુક બદકિસ્મત ભાઈઓ નારાજ થશે, મોઢું ચઢાવશે, ખોટું લગાડશે એવું મારા ખ્યાલો ખ્વાબોમાં પણ ન હતું. આમાં એવું છે જ નથી કે મુસલમાનોએ કોઈ ભાષા ના શીખવી જોઈએ, અરે ! એવું કહેવા કે લખવાનો સવાલ જ કયાં ઊભો થાય છે ? જ્યારે કે ઈસ્લામે એવી તા'લીમથી રોકયા જ નથી.

અને આ જ કારણને લઈ આપણા આલિમોએ પોતાના બાળકોને દીની તા'લીમ સાથે દુનિયાવી તા'લીમ દેવળાવવામાં કોઈ કમી રાખી નથી. જ્યારે જ્યારે મૌકો અને ચાન્સ મલ્યો એમના બાળકોને ઈન્જિનિયર, ડૉક્ટર, એકાઉન્ટંટ, વકીલ, બૅરિસ્ટર વિગેરે લાઈનોમાં ખૂબ આગળ વધાર્યા. માટે આમ કહેવું કે આલિમો દુન્યવી તા'લીમના વિરોધી છે, કૌમને એવી તા'લીમથી રોકીને પાછળ રાખવા ચાહે છે, તેઓ બેવકૂફીની દુનિયામાં જીવે છે આપણા આલિમો પણ તે જ કહે છે જે આકબર ઈલાહાબાદી કહી ગયા.

તુમ શૌક સે કૉલેજ મેં ફલો, પાર્ક મેં ફૂલો;
જાઈઝ હે ગુબ્બારોં મેં ઉળો, ચર્ખ પે ઝૂલો.
બસ એક સુખન બન્દએ નાચીઝ કા રહે યાદ,
અલ્લાહ કો ઔર અપની હકીકત કો ન ભૂલો.

આ પત્રિકા બહાર પાડવામાં આવી તે પહેલાં ગુજરાતના હરદિલ અઝીઝ મશહૂર આલિમે દીન અબૂલ ખુલૂસ હઝરત મૌલાના ઈસ્માઈલ મનૂબરી સાહેબ દારૂલ ઉલૂમ માસિકના દરેક અંકમાં

મુસ્લિમ કૌમને આગાહ કરવા માટે લખતા રહ્યા કે, આપણી કેટલીક કૉલેજોમાં વધારાની મરજિયાત ભાષા તરીકે જે સંસ્કૃત ભાષામાં પુસ્તકો ભણાવવામાં આવી રહ્યા છે, તેમાં શિર્કિય્યહ અને કુફિય્યહ વાતોની ભરમાર છે, માટે સંસ્કૃતના આ પુસ્તકો ભણાવવા ન જોઈએ. કારણ કે એનાથી ઈમાન ખારિજ થવાનો ભય છે, આ લેખમાં મૌલાના સાહેબે એક જગ્યાએ પણ એવું લખ્યું નથી કે સંસ્કૃત અથવા બીજી કોઈ ભાષા મુસલમાનોએ શીખવી ના જોઈએ.

છતાં ઘણા અફસોસ સાથે લખવું પડે છે કે કેટલાક બદકિસ્મત લોકોએ હઝરત મૌલાનાને ખોટી રીતે બદનામ કરવા માટે આમ કહેવાનું–લખવાનું ચાલુ કરી દીધું કે, આલિમો ભાષા શીખવા–શીખવાડવાની ના પાડે છે વગેરે... ખોટા ઈલ્ઝામો નામી સ્કૂલ–કૉલેજોના સર્વેસર્વા જિમ્મેદાર લગાવે છે. જો કે, એમાં કોઈ આશ્ચર્યની વાત નથી. કારણ કે, તેઓ દીની ઈલ્મ અને દીનથી ઘણા દૂર છે. મૌલવી લોકોને મોલવા, શેખ સાહેબને શેખરો કહેવામાં સહેજ પણ ખચકાતા નથી (પ્રુફ મૌજૂદ છે) પરંતુ જંબુસરના એક નામી આલિમ સાહેબે પણ આવી જાતનો ખોટો મતલબ ઘડી કાઢી પોતાના ઈદારાના ત્રિમાસિક અંક જાન્યુઆરી–ફેબ્રુઆરી અને માર્ચ ૨૦૦૮માં ''પરપ્રાંતીય ભાષા શીખવું''ના મથાળા હેઠળ પેજ નંબર ૫૫ થી ૫૮ ઉપર ચાર પેજનો એક ગુજરાતી લેખ લખી માર્યો. આ પછી મારી પત્રિકા બહાર પડ્યા પછી અલ્લાહ જાણે કેમ ? અમુક લોકોને ખૂશ કરવા કે પછી માલદારોની દૌલતથી લાભ ઉઠાવવાના આશયથી ૩ા (સાડા ત્રણ) પેજનો ઈંગ્લીશમાં તરજુમો કરી ફતાવાનું રૂપ આપી સંસ્થાના લેટરહેડ ઉપર છપાવી માર્યો. આ ફતાવામાં તેમણે ભાષા શીખવાની તરગીબ દેતાં એટલી હદે લખી નાંખ્યું છે કે, કોઈ આલિમ

તો શું ? કોઈ અદના મુસલમાન પણ આવું ખોટું લખાણ લખવાની હિમ્મત ના કરે ! એ પણ લખે છે કે, ''ભાષા શીખવાના અંતગર્ત કોઈ એવું ચેપ્ટર આવે જે ઈસ્લામી દષ્ટિબિંદુની વિરોધ હોય, તો તેને ભાષા શીખવાની હેસિયતથી જ પઢવા–પઢાવવામાં આવે.''

આ વાક્ય તેમણે લખ્યું છે, જ્યારે કે એક ઘણા જ જવાબદાર મુફતી સાહેબ મૌલાના ઈસ્માઈલ ભડકોદ્રવી સાહેબે (જેઓ દારુલ ઉલૂમ કંથારિઆના સદર મુફતી પણ છે) આવી ઈમાન ખરાબ કરનાર ભાષા શીખવાને હરામ હોવાનો ફતવો આપ્યો છે. (જુઓ પેજ નં. ૪૮)

હવે આ જગ્યાએ હું એટલું પૂછવા માંગુ છું કે, શું મુફતી સાહેબ એટલા માટે મુફતી બન્યા છે કે, પેલા કૉલેજના સંચાલકો જેવા દીનની ઓછી સમજ ધરાવતા લોકોને અથવા માલદારોને ખુશ કરવા માટે હરામને હલાલ બનાવે ? આ ફતાવાની કૉપીઓ અહીંયાં ઈંગ્લેન્ડ તથા ઈન્ડિયાની મસ્જિદો બહાર વહેંચાઈ રહી છે અને વહેંચનારા કહી રહ્યા છે કે જુઓ જંબુસરના મુફતી સાહેબ આવી જાતની (ઈસ્લામ વિરોધી) ભાષા શીખવાને જાઈઝ બતાવી રહ્યા છે. શું આવો ગલત ફતવો બહાર પાડી તે મુફતી સાહેબે શરીઅતનું ઉલ્લંઘન તો નથી કર્યું ? આવા ખોટા ફતવાથી જે લોકો અવળે રસ્તે જશે તેના ઝિમ્મેદાર કોણ ?

મૌલાના ઈકબાલ ઈસ્લામપૂરી સાહેબે જ્યારે આ લેખ અમોને આપ્યો, તો આલિમો હૈરાન થઈ ગયા. અંતે મજલિસે તહફફુઝે અહલે સુન્નત વલ જમાઅત યુ.કે.ના પ્રેસિડેન્ટ હઝરત મૌલાના ઈસ્માઈલ ભૂતા સાહેબે (ખલીફએ ખાસ હઝરત મૌલાના કમરૂદ્દીન સાહેબ ઈલાહાબાદી મ.ઝી. આલી) આ ગુજરાતી લેખ અને ફતાવાના રૂપમાં તેનો ઈંગ્લીશ તરજુમો વાંચ્યો, તો એમનો ઈમાની જોશ ઉભરી આવ્યો અને તરત જવાબ તૈયાર કરી પબ્લિકમાં વહેતો કર્યો, જે આ મુજબ છે.

**મરજિયાત વિષય સંસ્કૃતના કુફ્રિય્યહ-શિર્કીય્યહ શ્લોકોનું શિક્ષણ ઈસ્લામમાં જાઈઝ હોવાની જૂઠી દલીલો આપી મુસ્લિમોના ઝકાત-ફિત્રાના પૈસાથી ચાલતી શાળા-કોલેજોમાં તેને ભણાવવાની ખોટી જીદ આખરે ક્યાં સુધી ???**

મજલિસે તહફ્ફુઝે અહલે સુન્નત વલ જમાઅત યુ.કે.એ થોડા માસ અગાઉ મવલાના મૂસા કરમાડી સાહબ લિખિત "શાળા–સ્કૂલો–કોલેજોમાં સંસ્કૃતની તા'લીમ અને ઈસ્લામિક દષ્ટિકોણ" નામની બૂકલેટ છાપી હતી. જેમાં દારૂલ ઉલૂમ કંથારીઆ અને જામિઉલ ઉલુમુલ કુર્આન (દારૂલ કુર્આન–જંબુસર) બંને ઈદારામાં પોતાની સેવા આપનાર પ્રખર મુફતી હઝરત મવલાના ઈસ્માઈલ ભડકોદ્રવી સાહેબ તથા યુ.કે. સ્થિત મવલાના મુસ્તફા સાહબનો સંસ્કૃતના કુફ્રિય્યહ–શિર્કીય્યહ શ્લોકો મુસ્લિમ બાળકોને ભણાવવા સદંતર નાજાઈઝ અને હરામ હોવા બાબતના ફત્વાઓ પણ છપાયા હતા. મારી જાણ મુજબ આ બૂકલેટના હકારાત્મક પ્રતિભાવો મોટા પ્રમાણમાં મુસ્લિમ સમાજ તરફથી પ્રાપ્ત થયા તથા કેટલાક મુસ્લિમ શિક્ષકો અને વાલીઓ દ્વારા આ કિતાબથી પ્રેરણા લઈ પોતાના વિદ્યાર્થીઓને સંસ્કૃતના મરજિયાત વિષયની તા'લીમ સંદર્ભે તેમાં આવતા કુફ્રિય્યહ–શિર્કીય્યહ શ્લોકો બાબતે સજાગ કર્યા. અલહમ્દુલિલ્લાહ !

પરંતુ આપણા જ ઝકાત–ફિત્રાના પૈસાથી ચાલતી ભરૂચની કેટલીક નામી શિક્ષણ સંસ્થાઓમાં સંસ્કૃતના કુફ્રિય્યહ– શિર્કીય્યહ શ્લોકોને માત્ર ભણાવવાની ખોટી જીદ કે દુરાગ્રહ જ નહીં, પરંતુ તેના માટે કેટલાક માર્ગ ભૂલેલા અને કુફ્ર–શિર્કની વ્યાખ્યામાં ખોટી–ખોટી તા'વીલોથી કામ લેતા મૌલ્વીના ફતવાનો આધાર બનાવીને મુસલમાન ભૂલકાંઓના ઈમાનને બરબાદ કરવાની કુચેષ્ટા થઈ રહી છે. સાથે–સાથે આવા કુફ્ર–શિર્કથી ભરેલા સંસ્કૃતને ઈસ્લામે માન્યતા આપેલ છે તેવી વાતો કરે

છે તથા આકાએ નામદાર સ.અ.વ.ના લાવેલા દીને મુબીનમાં જાઈઝ ઠરાવી તેને શીખવા–શીખવવાની તરગીબ અને તાકીદ કરવામાં આવી રહી છે. નઊઝુબિલ્લાહી મિન ઝાલિક !

યુ.કે.ના એક સજ્જન કે જેઓ ભરૂચની એક નામી મુસ્લિમ સંસ્થાના સ્થાપક છે, તેઓ તરફથી હાલમાં એક પેમ્ફલેટ બહાર પાડવામાં આવ્યું છે જેમાં મુસ્લિમો જો સંસ્કૃત શીખે તો તેમાં ઈસ્લામી શરીઅત પ્રમાણે કોઈ બાધ નથી આવતો એવું ભાર દઈને કહેવામાં આવ્યું છે. એને પોતાની જીદ કહો કે દુરાગ્રહ કહો, કે પછી (ડરના માર્યા) કોઈને વહાલા બનવા માટે કહો આ લોકોના સમર્થનમાં જંબુસરની એક સંસ્થાના લેટરપેડ પર તેમના સહી–સિક્કાવાળો ઈંગ્લીશમાં લખાયેલો ફતવો વહેંચવામાં આવી રહ્યો છે, જેમાં સંસ્કૃત શીખવાથી (પ્રવર્તમાન અભ્યાસક્રમના કુફ્રિય્યહ–શિર્કીય્યહ શ્લોકો સહિત) ઈસ્લામમાં કોઈ બાધ નડતો નથી. બલકે, તે જાઈઝ જ નહીં તેને શીખવું જોઈએ અને પોતાના બાળકોને શીખવાડવાની તાકીદ કરવી જોઈએ એવો મૅસૅજ આ લેટરપેડના લખાણથી ઊભરી આવે છે. અસ્તગફિરૂલ્લાહ ! આવા મુફતીઓ કેટલીય દીની સંસ્થાઓના ઝિમ્મેદાર હશે, તેમને દરેકે–દરેક સંસ્થાઓની ઝિમ્મેદારીઓથી અલગ કરવા જોઈએ અને આવી સંસ્થાઓમાંથી અલગ કરવા જોઈએ.

મારી જાણ મુજબ આજથી થોડા માસ અગાઉ મજલિસે તહફ્ફુઝે અહલે સુન્નત વલ જમાઅતે તે કહેવાતા આલિમોને તેમના છાપામાં આવેલા સંસ્કૃત સંબંધિત લેખ અનુસંધાને ખાનગી પત્ર લખી જાણ કરી હતી કે મૌલ્વી સાહબ ! આ રીતે મુસ્લિમ કૌમમાં સંસ્કૃત થકી કુફ્ર–શિર્ક પ્રચલિત થવાનો ખતરો છે અને વર્તમાન અભ્યાસક્રમમાં હિન્દુ સંસ્કૃતિના પ્રચારના એક ભાગ સ્વરૂપે મુસ્લિમ બાળકોમાં સંસ્કૃત શીખવવાનું એક

ષડયંત્ર બાતિલ દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે. જો આ રીતે આપના તરફથી બાળકોને આવું પ્રોત્સાહન આપવામાં આવશે તો ભોળી–ભાલી જનતામાં આગળ જતાં કુફ્ર–શિર્કનો ભેદ ખતમ થઈ જશે અને આપના ફતવાને મેલી મુરાદ ધરાવનાર અથવા અધકચરા લોકો અથવા ખુદ ઈસ્લામ દુશ્મન બાતિલ મુસલમાનોમાં કુફ્ર–શિર્ક ફેલાવવાનો આધાર બનાવશે પરંતુ મને જાણ થઈ છે કે, તે મૌલ્વીએ જવાબ આપવાના બદલે ઊલટાનું આવી જ સંસ્થાના સંચાલકોને પોતાના લેટરપેડ પર સંસ્કૃત (વર્તમાન કુફ્ર–શિર્કના અભ્યાસક્રમો અને શ્લોકો સહિત) શીખવાડવું જાઈઝ બતાવી તે માટે વાલીઓને પ્રોત્સાહિત કરવાની એક રીતે ભલામણ કરી છે. અફસોસ ! સદ અફસોસ ! કુફ્રને મિટાવવાની હરોળ અને છાવણીઓમાંથી જ કુફ્ર–શિર્કના આવા ગંદા દુર્ગંધયુક્ત ખંજરો ઈસ્લામ અને ઈમાનની પીઠમાં ભોંકવામાં આવી રહ્યા છે. હજારવાર અફસોસ આવી હઠધર્મીથી !!!

હું જાણું છું કે, મજલિસે તહફ્ફુઝે અહલે સુન્નત વલ જમાઅતે કોઈ અંગત હિત કે સ્વાર્થ માટે તે આલિમોને પત્ર ન હોતો લખ્યો. બલકે, ઉમ્મતના વિશાળ હિતમાં આવો પત્ર લખ્યો હતો પરંતુ અંગત પત્રનો જવાબ ન આપ્યો ઊલટાનું તેમણે આ રીતે આવી સંસ્થાઓના સંચાલકોને સંસ્કૃત વિશે ઈસ્લામની માન્યતા પ્રદાન કરાવવાના સ્વરૂપમાં ખુલ્લા અને જાહેરમાં આવી સંસ્કૃતના કુફ્રિયા–શિર્કિયા તા'લીમની વકીલાત કરી છે. અસ્તગફિરૂલ્લાહ!

કૌમના હમદર્દ ભાઈઓ / બહેનો !

આજે સિક્યુલારિઝમના નામે અનેક બહાનાઓ હેઠળ આ રીતે ઈસ્લામની પાયાની તૌહીદની માન્યતામાં જ ગાબડું પાડવામાં બાતિલ શક્તિઓ સફળ થઈ છે ત્યારે આવા ફાસિસ્ટોના હાથા બનતા આપણી

ઝકાત, લિલ્લાહના નાણાથી ચાલતી સ્કૂલો–કોલેજોમાં ફાસિસ્ટ શક્તિઓના વહાલા બનવા કે અન્ય કારણોસર ઢોલ–નગારાં, તબલા, ડાન્સ, સાડી, ઘાઘરા, ભજન, શ્લોક વગેરે તો ચાલતું જ હતું. હવે, તો આવી બધી બાબતોને પણ તેઓ કદાચ કોઈ મૌલ્વી પાસે ઈસ્લામિક માન્યતા પ્રદાન કરાવવામાં સફળ થાય, પરંતુ પાયાનો પ્રશ્ન નિય્યતનો છે. જો નિય્યત હોય તો આ બધી જ ગેરઈસ્લામી પ્રવૃત્તિઓ એક ઝાટકે બંધ કરી શકાય છે. આપ મુંબઈ કે ગુજરાતની અનેક ઈસ્લામી શાળાઓમાં જોઈ શકશો કે ત્યાં હિન્દુ કે પરધર્મી બાળાઓ પણ પડદાનો યુનિફોર્મ પહેરી આવે છે. જ્યાં પ્રાર્થનાની શરૂઆત સૂરએ ફાતિહાથી થાય છે, જ્યાં લિબાસથી માંડી શાળાની દરેક પ્રવૃત્તિઓ ઈસ્લામિક કૉડ ઓફ કન્ડક્ટને ધ્યાનમાં રાખી કરવામાં આવે છે અને જ્યાં સંસ્કૃતના કુફ્ર–શિર્કના શ્લોકોને ખુલ્લેઆમ નહીં ભણાવવાની જાહેરાત કરવામાં આવે છે, તો પછી એ જ ભારતમાં એ જ ગુજરાતમાં આપના ઝકાત ફિત્રાના નાણાથી ચાલતી સ્વનિર્ભર સ્કૂલોમાં સાડી–ઘાઘરા, ઢોલ–નગારાં, સંસ્કૃતના શ્લોકો–ભજન, ધૂન ક્યાં સુધી ? ક્યાં સુધી આવી ખોટી જીદ ?

જો નિય્યત હોય તો આ બધી જ પ્રવૃત્તિઓ બંધ થઈ શકે છે પરંતુ અત્રે સવાલ નિય્યતોનો છે. પોતાની પ્રતિષ્ઠા વધારવા, પોતાની નામના માટે ક્યાં સુધી ઈસ્લામના પાયાના અકીદા ઈમાન સાથે બાંધછોડ કરવામાં આવશે? શું ક્યારેય સમગ્ર વિદ્યાર્થીઓના વાલીઓની મિટીંગ બોલાવી સંસ્કૃતના કુફ્રિય્યહ–શિર્કિય્યહ શ્લોકોનો વિરોધ કરવા આવી સંસ્થાઓએ વાલીઓને બંધારણીય હોકોની કે કાયદાઓના અધિકારની રૂએ લડત ચલાવવાની પ્રેરણા આપી છે ? અને હું સંસ્કૃતના જાઈઝ હોવાનો ફત્વો આપનાર પેલા મૌલ્વી જેવા લોકોને પણ આ જ પ્રશ્ન પૂછું છું, શું ક્યારેય સરકાર સામે આ બંધારણીય અધિકારોનો ઉપયોગ માટે લોકજાગૃતિ

કેળવવાનો પ્રયાસ કર્યો છે? બલકે, કુફ્ર–શિર્કના સમર્થનમાં "જાઈઝ"ના ફતવાઓની તા'વીલ કરો છો ! અસ્તગફિરૂલ્લાહ !

અંતે કૌમના સમજું બિરાદરોથી અપીલ છે કે, આપના નાણાનો ક્યાં અને કેવો ઉપયોગ થાય છે તે જોવાની આપની પણ જવાબદારી છે અને આપ એટલું તો ચોક્કસ સમજી જ શકો છો કે, ડાન્સ, ઢોલક, તબલાના તાલે આપણે આપણી યુવાન દીકરીઓને નચાવવી નથી, ન જ આપણે જાત–જાતના બહાનાં અને તા'વીલો કરી સંસ્કૃતના કુફ્રિય્યહ–શિર્કિય્યહ શ્લોકો, ભજનો ગવડાવી આપણા નસ્‌લોના ઈમાનના મૂળિયાં ખોદવા છે. અંતે આપ સમજદાર છો ! મજલિસે તહફ્ફુઝે અહલે સુન્નત વલ જમાઅતનું મીશન દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી ઈમાન અને કુફ્ર–શિર્કને હક અને બાતિલને બતાવવાનું છે. એમાં આ સંગઠનનું પોતાનું કોઈ અંગત હિત કે સ્વાર્થ નથી. ફક્ત અલ્લાહ ખાતર આપ લોકોને બાતિલના દરેક રંગ–રૂપથી વાકિફ કરવાની ફરજ અદા કરો છો, અલ્લાહ હુજ્જત પૂરી કરી આપણ સૌને અમલની તૌફિક આપે. આમીન.

---

આ ઉપરોક્ત પમ્ફલેટ મજલિસે તહફ્ફુઝે અહલે સુન્નત વલ જમાઅત યુ.કે. તરફથી પેલા મૌલ્વી સાહેબના ફતવાના જવાબમાં છાપીને વહેંચવામાં આવ્યું હતું.

વળી, મુફતી સાહેબે કોઈ ભાષા શીખવાના ટેકારૂપે કેટલાક દાખલા ટાંકી ગલત મતલબ કાઢવાના અહીંયાં પ્રયત્ન કર્યા છે. બેશક ! અમુક બુઝૂર્ગોએ કોઈ ભાષા શીખવાની તમન્ના બતાવી છે કે આદેશ આપ્યા છે, પરંતુ તેનું કારણ જાણવું જોઈએ કે તે શા માટે કહ્યું હતું. દુનિયવી મકસદ માટે કે કુમળા વયના બાળકોના ઈમાન ખરાબ કરવા માટે કે પછી દીને ઈસ્લામના પ્રચાર અને પ્રસાર માટે ?

બેશક ! મૌલાના અલીમિયાંએ બિલકુલ સહીહ લખ્યું છે કે કોઈ ભાષા ન તો પૂંજાપાત્ર છે, ન તો તિરસ્કારપાત્ર ! વાત સાચી છે, પરંતુ તે મુફતી સાહેબને પૂછવાનું એ કે આ સંસ્કૃતને શા માટે પૂંજાપાત્ર બનાવી રહ્યા છે ? (કારણ કે તેમાં ગયરૂલ્લાહની પૂંજા કરતા શ્લોકો પણ ભણાવવામાં આવી રહ્યા છે) એના બદલે અરબી, ફારસી કે ઉર્દૂ કેમ નહીં આ શિર્કથી ભરેલી સંસ્કૃતનો આટલો બલો આગ્રહ શા માટે ? મૌલાના અલીમિયાંએ એ પણ લખ્યું છે કે કોઈ ભાષા મુકદ્દસ, સર્વોત્તમ અને ઉચ્ચ સ્થાન ધરાવનારી છે તો તે ફક્ત અરબી છે.

ઉપરાંત હઝરત મૌલાના કાસિમ નાનોતવી સાહેબે હજ્જના સફરમાં જે ઈરાદો કર્યો હતો કે વાપસીમાં ઈંગ્લીશ ભાષા શીખી લઈશ, આ જઝબો ફક્ત અંગ્રેજો સુધી ઈસ્લામનો પયગામ પહોંચાડવાનો હતો, ન કે બીજો કોઈ મકસદ હતો અને દારુલ ઉલૂમ દેવબંદનો મકસદ પણ આ જ હતો.

અંતમાં તે મુફતી સાહેબને વિનંતી કરું છું કે, મહેરબાની કરી કૌમને ગેરમાર્ગે દોરવા તથા ભેદભાવને પ્રોત્સાહન આપવાના બદલે સહીહ અને સાચી નિસ્વાર્થ સેવા અપનાવે, એમાં જ સૌની ભલાઈ સમાયેલી છે. જો તમારા પાસે કોઈ પોતાનો ઉલ્લુ સીધો કરવા માટે ફતાવા પૂછવા આવતા હોય તો મુફતી ઈસ્માઈલ સાહેબ ભડકોદ્રવી જેવા અનુભવી અને દૂરંદેશ સાહિબે ઈલ્મનો સંપર્ક સાધી જવાબ આપો. જેથી ઉમ્મત અફરા–તફરીમાં પડે નહીં.

اِنْ اُرِيْدُ اِلَّا الْاِ صْلَاحَ مَا اسْتَطَعْتُ (القرآن)

ફક્ત વસ્સલામ,
મૂસા કરમાડી (સા.)
લંડન, ૧૭/૧૦/૨૦૦૮

# 5SFXSGF A AM ,

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

નહ્‌મદુહૂ વ નુસલ્લી અલા રસૂલિહિલ કરીમ, અમ્માબાદ.

મુહતરમ વાંચકો,

અસ્સલામુ અલયકુમ વ. વ.

વર્તમાન સમયના ફિત્ના અને ફસાદ તથા અરાજકતાના યુગમાં મોટા–મોટા ફિત્નાઓ અજીબો ગરીબ સ્વરૂપે પોતાના સુધારારૂપી છેતરામણા ચહેરાઓ લઈને સમાજમાં ફરતા હોય છે. ક્યારેક આ ફિત્નાઓ શિક્ષણનો લબાદો ઓઢીને આવે છે, તો ક્યારેક આધુનિકતાનો વેશ ધારણ કરી ભોળા અને સાદા મુસલમાનોને પોતાની ષડ્‌યંત્રકારી ચાલબાજીઓમાં ફસાવતા હોય છે, એવા સમયે અલ્લાહના વાયદા પ્રમાણે ઈસ્લામ અને ઈમાનની હિફાઝત માટે અને અલ્લાહના દીનની રક્ષા માટે અલ્લાહની તૌફીકથી અલ્લાહના અમુક મુત્તકી બંદાઓ મેદાનમાં આવે છે અને આવા નેક પ્રયત્નશીલ બંદાઓ આ જ પ્રમાણે કિયામત સુધી આવતા રહેશે.

આવા જ એક નેક બંદા હઝરત મૌલાના મૂસા કરમાડી સાહેબ, ખલીફએ મુઝાજ, હઝરત શૈખ, મૌલાના મુહંમદ કમરુઝઝમાં સાહેબ – ઈલાહાબાદી દા.બ. છે, જેમણે મજકૂર પુસ્તિકા લખી છે. મૌલાના સાહેબ એવા એક દર્દમંદ બુઝુર્ગ

આલિમે દીન છે, જેમની જિંદગી ખિદમતે ખલ્કનો જીવતો જાગતો નમૂનો છે. હઝરત મૌલાના મૂસા કરમાડી સાહેબને પ્રથમવાર કરમાડ ગામના મદ્રસાના વાર્ષિક જલ્સામાં ઈ.સ.૧૯૫૫–૫૬માં જોયા હતા. ત્યાર પછી મૌલાના સાથે ૧૯૬૦માં રમઝાનની છુટ્ટીઓમાં ભરૂચના આજુબાજુના ગામડાઓમાં તબ્લીગી જમાઅતમાં જવાનું થયું, તે પછી ૧૯૬૯માં દારુલ ઉલૂમ કંથારિયા (જેના તેઓ ટ્રસ્ટી છે)ના ઉદ્‌ઘાટન જલ્સાના પ્રોગ્રામમાં અને ત્યારથી લઈ આજ દિન સુધી યુ.કે.માં તો મૌલાના સાહેબની સરપરસ્તીમાં દીની ખિદમતોના બેશુમાર મોકાઓ અલ્લાહે મને નસીબ ફરમાવ્યા, તેમજ દેશ–વિદેશની સફરો પણ મૌલાના સાહેબ સાથે કરવાનો મોકો મળ્યો.

મૌલાનાને અલ્લાહે ઘણા નવાજ્યા છે. મૌલાના સાહેબની ઈસ્લામ અને મુસલમાનોની ખિદમતોનું એક દળદાર પુસ્તક તૈયાર થઈ શકે છે, પરંતુ અત્રે તે સેવાઓનો ઉલ્લેખ કરવાનો હેતુ પણ નથી અને મોકો પણ નથી. અલ્લાહ તેમની સેવાઓને સ્વીકારી તેમને લાંબી ઉંમર અર્પણ કરે અને તેમના દ્વારા ઉમ્મતને લાંબા સમય સુધી લાભ પહોંચતો રહે તેવી અલ્લાહ પાસે દિલી દુઆ છે. આમ છતાં કેટલીક મહત્ત્વની સેવાઓનો અછડતો ઉલ્લેખ કરી લઉં છું. જેમકે, મૌલાના સાહેબ ઘણા બધા દીની ઈદારાઓ (સંસ્થાઓ)ના સરપરસ્ત છે, તેમજ છેલ્લા દશ વર્ષોમાં અલ્લાહની તૌફીકથી મૌલાના સાહેબે યુ.કે., યુરોપના અન્ય દેશો, અમેરિકા, કેનેડા, આફ્રિકા તથા ભારતીય ઉપખંડના દેશોમાં લાખો

દીની કિતાબો દારુલ ઉલૂમો, ઉલમા અને સામાન્ય મુસલમાનો સુધી પડતર કિંમતે ઘેર ઘેર પહોંચાડવાની જે ખિદમત કરી છે, તેનો તો જોટો જડે એમ નથી ! ૭૮ વર્ષની ઉંમરે જુવાન માણસને પણ શરમાવે તેવો ઉત્સાહ, હિંમત, ધગશ અને દીનની ખિદમત કરવાનો નિખાલસતાપૂર્ણ જઝબો જોઈને તેમની દીન પ્રત્યેની નિખાલસ નિષ્ઠાને સલામ કરવાનું મન થાય છે. અલ્લાહ તઆલા આ જઝબો અને ઉત્સાહ તેમનામાં હંમેશા કાયમ રાખે. આમીન !

*યે ફૈઝાને નઝર હૈ કે મક્તબ કી કરામત હૈ.*

મૌલાનાને અલ્લાહ પાક તરફથી બે બાજુના ફૈઝથી નવાજવામાં આવ્યા છે. દારુલ ઉલૂમ દેવબંદમાં હઝરત શૈખુલ ઈસ્લામ, મૌલાના હુસૈન અહમદ મદની રહ.થી બુખારી શરીફ પઢી અહાદીષે પાકની સનદ મેળવી અને શયખુલ મશાઈખ હઝરત મૌલાના કમરુઝઝમાં સાહેબ –ઈલાહાબાદી દા.બ.થી અલ્લાહ તઆલાએ ખિલાફતનો ફૈઝ  પહોંચાડ્યો.

હાલમાં જ તેમણે ફતાવાની ઘણી જ મહત્ત્વની બે જિલ્દો (ભાગો)નું પ્રકાશન કરી ઉમ્મતની વર્તમાન પરિસ્થિતિની જરૂરિયાતને પૂરી કરવા માટે ચાલુ જમાનાની જરૂરિયાત પ્રમાણેના ફતાવાઓનો સંગ્રહ ઉમ્મતની રાહબરી માટે ભેટ ધર્યા છે. જઝાહુમુલ્લાહુ ખૈરુલ જઝા.

*ખંજર ચલે કિસી પે તળપતે હૈં હમ અમીર,*
*સારે જહાં કા દર્દ હમારે જિગરમેં હૈ !*

પ્રસ્તુત પુસ્તિકા ઉપરોક્ત શે'ર પ્રમાણે એક જીવતો

જાગતો નમૂનો છે કે, યુ.કે.માં રહી હિન્દુસ્તાનના મુસલમાનોના ઈમાન અને ઈસ્લામની ફિકર કરી ૭૮ વર્ષની ઉંમરે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને અગત્યની સમસ્યા ઉપર અત્રે પ્રકાશ પાડ્યો છે, તે જોઈને તેમની દીર્ઘદષ્ટિની સરાહના કરી મનમાં ગદ્ગદ્ લાગણીનો અહેસાસ થાય છે, કારણ કે, શાળા, સ્કૂલો અને કૉલેજોમાં ચલાવવામાં આવતા શૈક્ષણિક અભ્યાસક્રમ વિશે મોટેભાગે વિદ્યાર્થીઓના વાલીઓને પણ ખબર નથી હોતી કે, મારું બાળક શાળાએ જઈ કેવા કેવા ઈસ્લામ વિરોધી અકીદાઓ અને માન્યતાઓની તા'લીમ લઈ રહ્યો છે, અને તેને કેવી કેવી કુફ્ર–શિર્કની અંધારી ખાઈઓમાં ધકેલવામાં આવી રહ્યો છે ? એવા સમયે મૌલાનાએ પોતાની દીની ફિરાસતની નજરથી આ અભ્યાસક્રમોમાં ચલાવવામાં આવતા કુફ્રિય્યહ–શિર્કિય્યહ શ્લોકો સ્વરૂપે બાળકોના કુમળા મગજમાં ઘુસાડવામાં આવતી બાતિલ માન્યતાઓથી મુસ્લિમ અવામને યુ.કે.માં બેઠા–બેઠા આગાહ કરવા માટે આ પુસ્તિકા ઘણી મહેનતના અંતે તૈયાર કરી છે, અને તેની પાછળનો હેતુ ફક્ત અને ફક્ત મુસલમાનોના ઈમાન અને ઈસ્લામની હિફાઝતનો છે. સુબ્હાનલ્લાહ !

કેટલા અફસોસની વાત છે ! કહેવાતા બુદ્ધિજીવીઓ અને કહેવાતા આધુનિકતાવાદીઓ શાળા–મહાશાળાઓમાં ચલાવવામાં આવતા અભ્યાસક્રમ વિશે ક્યારેય કોઈ ખતરો કે ભય મહેસૂસ કરતા નથી, બલકે ઝકાત–ફિત્રાથી ચાલતી મુસ્લિમ શાળા–કોલેજોમાં આવા શિર્કિય્યહ અભ્યાસક્રમો હોંશે હોંશે

ચલાવવામાં આવે છે, બલકે એક રીતે આવી શાળા – સ્કૂલોના સંચાલકો સવાયા સિક્યુલર બની આવા શિર્કિય્યહ અભ્યાસક્રમના વફાદાર બની જાય છે અને ક્યારેય તેમના તરફથી આવા ગેરબંધારણીય અભ્યાસક્રમ બાબતે વિરોધનો એક પત્ર સુદ્ધાં સંબંધિત ખાતાને લખવામાં નથી આવતો, ન જ વાલીઓની એક મિટીંગ બોલાવી તેમને આ બાબતની જાણ કરી તેમનો સપોર્ટ મેળવી સંબંધિત ખાતા સુધી સામૂહિક રીતે પોતાનો વિરોધ નોંધાવવામાં આવે છે, બલકે કોઈક ઈમાની દાઝ ધરાવનાર નેક વ્યક્તિ જો આ બાબતે તેમનું ધ્યાન દોરે છે, તો તેમને શિક્ષણના વિરોધી સમજી લેવામાં આવે છે અને એવો પ્રચાર કરવામાં આવે છે કે "આ જ મુસલમાનોની પ્રગતિના અવરોધક પરિબળો છે." અસ્તગફિરુલ્લાહ !

ઈતિહાસ ઉઠાવીને જોઈ લો ! દુનિયામાં જે કોમો નાશ પામી અથવા તો અન્ય કોમો કે ધર્મોમાં "વિલિન" (ભેળસેળ) થઈ ગઈ, તે બધી જ કોમો પોતાના ધર્મ અને માન્યતાઓથી લઘુતાગ્રંથિથી પીડાઈને અન્ય કોમોના ધર્મો અને સંસ્કૃતિને સ્વીકારી પોતાની ઓળખ ગુમાવી બેઠી અને છેવટે આ પૃથ્વી ઉપરથી અથવા તો પૃથ્વીના કોઈ ભાગ ઉપરથી પોતાનું અસ્તિત્વ સુદ્ધાં ગુમાવી ચૂકી છે અને તેના ઘણા દાખલાઓ જગતના ઈતિહાસમાં મૌજૂદ છે. અત્રે એ બધો ઈતિહાસ વર્ણવવાનો મોકો નથી.

આવા કપરા સમયે કે, જ્યારે ઈસ્લામ વિરોધી ફાસિસ્ટ

શક્તિઓ પોતાની મૃતઃપ્રાય (મૃત્યુના આરે ઊભેલી) બની ગયેલી હિન્દુ ધર્મ શાસ્ત્રોની ભાષા એટલે કે સંસ્કૃતને જીવંત કરી તે થકી પોતાની સંસ્કૃતિ અને ધર્મનો પ્રચાર–પ્રસાર બિનસાંપ્રદાયિક એવા ભારત દેશમાં કાયદેસર રીતે શાળા–સ્કૂલોના અભ્યાસક્રમમાં દાખલ કરવામાં સફળ થઈ છે ત્યારે આપણે જાણવું જોઈએ કે, શાળા–સ્કૂલ તે સ્થળ છે કે, જ્યાં ભાવિ નાગરિક અને ભાવિ સમાજનું નિર્માણ થતું હોય છે, જ્યાં વિચારસરણીઓનું ઘડતર કરવામાં આવે છે, આ સ્થળે ઘર કરી ગયેલી માન્યતા કે અકીદાઓનો પ્રભાવ તે શીખનાર વ્યક્તિ પૂરતો જ નથી રહેતો પરંતુ તેના આખા સમાજમાં પડતો હોય છે, એવી શાળા–સ્કૂલોના અભ્યાસક્રમોમાં સંસ્કૃત જેવા વિષય થકી કેવી કેવી કુફ્રિય્યહ અને શિર્કિય્યહ માન્યતાઓ અને અકીદાઓ મુસલમાન બાળકોના કુમળા મગજોમાં ઘુસાડવામાં આવી રહ્યા છે તેનો નમૂનો હવે પછીના આ પુસ્તિકાના પેજો ઉપર આપને જોવા મળશે, જે જોઈને કોઈ આંધળાને પણ શંકા નહિ રહે કે, ઈમાન અને ઈસ્લામને ખતમ કરવા માટે કેટલી મોટી–મોટી સાઝિસો પાયામાંથી જ રચવામાં આવી રહી છે કે, જ્યાં નાના બાળકોનું ઘડતર કરવામાં આવે છે તે સ્કૂલો–શાળાઓમાં તેમને કુફ્ર–શિર્કના પાઠો શિખવાડાય છે. અફસોસ છે તે કહેવાતા આધુનિકતાવાદીઓ અને કહેવાતા શિક્ષણશાસ્ત્રીઓ અને મુસલમાનોના હિતેચ્છુ હોવાનો દાવો કરનાર કેટલાક તકસાધુ અને પોતાને સ્ટેજની શોભા બનાવનાર જૂઠા મસીહાઓ ઉપર !! કે, તેઓ આ બાબતે વકીલાત

કરતા પણ જોવા મળે છે અને કહે છે કે, વર્તમાન સંસ્કૃતના શાળા – સ્કૂલોમાં ચાલતા અભ્યાસક્રમથી મુસલમાનોના અકીદાઓને કોઈ ખતરો નથી. અસ્તગફિરુલ્લાહ ! આવી વકીલાત કરનારા અધકચરા દીનદારો સંસ્કૃત ભાષા શીખી તેના થકી ઈસ્લામનો પ્રચાર કરવાના દીવા–સ્વપ્નોમાં રાચી "એક ખ્વાબ હે દીવાને કા"ના જેમ મુસલમાનોને અવળે માર્ગે દોરી રહ્યા છે ! એવા સમયે આ પુસ્તિકા અલ્હમ્દુ લિલ્લાહ ! બસીરત ધરાવનાર, સમજદાર, વિવેકબુદ્ધિથી કામ લેનાર, અલ્લાહથી ડરનાર લોકોના માર્ગદર્શન માટે એક દીવા–દાંડી સમાન છે, જેમાં પ્રખર મુફતીયાને કિરામના ફતાવા પણ રજૂ કરવામાં આવ્યા છે. આ ફતાવામાં સ્પષ્ટ રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, ઈસ્લામ વિરુદ્ધ શિર્કિય્યહ શ્લોકો શિખવાડતી શાળાઓ–કૉલેજો–હાઈસ્કૂલોમાં પોતાનાં બાળકોને ભણવા માટે મોકલવા, તેમાં ઝકાત, લિલ્લાહ, સદકા વગેરેની રકમથી મદદ કરવી અથવા કરાવવી સવાબના બદલે મોટા ગુનાહનું કામ છે ! આ ફતાવા ઉપર અમલ કરવા પ્રત્યેક મુસલમાન માટે જરૂરી છે.

આશા છે કે, આ પુસ્તિકાથી છેલ્લા થોડાક સમયથી જે કહેવાતા શિક્ષણશાસ્ત્રીઓ અને કહેવાતા બુદ્ધિજીવીઓ તરફથી એક ગોબેલ્સ હોબાળો મચાવવામાં આવી રહ્યો હતો કે શાળા – સ્કૂલોના સંસ્કૃતના હાલના અભ્યાસક્રમથી મુસલમાનોની માન્યતાઓ કે અકીદાઓને કોઈ નુકશાન નથી. આ પુસ્તિકા દ્વારા તેમની આ કોઈકને વહાલા બનવાની નીતિ–રીતિનો પર્દાફાશ

થઈ ગયો છે. અલ્હમ્દુ લિલ્લાહ. !

એટલા માટે તમામ મુસલમાન હમદર્દોને ગુજારિશ છે કે, આ પુસ્તિકાને ઘેર–ઘેર પહોંચાડી પોતાની મજલિસોમાં આ પુસ્તિકાને વાંચી–વંચાવી, પ્રચાર પ્રસાર કરી, ભવિષ્યમાં આવનાર અતિભયંકર ફિત્નાને ઓળખી મુસલમાનોની નસલોના ઈમાનની હિફાઝત કરવા કમર કસે. કંઈ એવું ન થાય જેમકે, એક શાયર કહી રહ્યા છે,

*ખાક હો જાએં વો, તુમકો ખબર હોને તક !*

મજલિસે તહફ્ફુઝે અહલે સુન્નત વલ જમાઅત લંડન –યુ.કે. મૌલાના મૂસા કરમાડી સાહેબની ખિદમતમાં શુક્રિયાનો નજરાનો પેશ કરે છે અને દુઆ કરે છે કે, અલ્લાહ તઆલા હઝરત મૌલાનાની ઉમ્રમાં બરકતો આપી વધુથી વધુ મુસલમાનોને ફૈઝ પહોંચાડે, આમીન યા રબ્બુલ આલમીન !

*તારીખે ખિરદ યે હે કે હર દૌરે ખિઝાંમેં,*
*મટ્ટી કો લહૂ દે કે ચમન તુમને બનાયા !*

મૌલાના સાહેબે ઉલમાએ રબ્બાની હક્કાની સલફે સાલિહીનની સુન્નત ઉપર અમલ કરી ઉમ્મતની ખિદમતમાં જે આ અનમોલ નજરાણું પેશ કર્યું છે, તેની કદર કરી ફૈઝ હાસિલ કરવા વિનંતી છે ! અલ્લાહ દરેકને સાચી સમજ આપે, આમીન !

ફક્ત વસ્સલામ,
ઈસ્માઈલ ભૂતા,
લંડન – યુ.કે.

## 00 5|:TFJGF 00

### બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

મોહતરમ વાંચકો,

અસ્સલામુ અલયકુમ વ. વ.

ભાષા કોઈ પણ હોય ! સંસ્કૃત હોય કે અરબી, ઉર્દૂ હોય કે ઈંગ્લીશ, તે આપમેળે પોતાની જાતમાં કે, પોતાના અસ્તિત્વમાં કોઈ બુરાઈ કે ખરાબી ધરાવતી નથી. જેમકે, આપણા પ્યારા નબી સ.અ.વ.ના યુગમાં આપ સ.અ.વ.એ પોતાના સહાબી હઝરત ઝૈદ રદિ.ને શુભ હેતુ માટે હિબ્રુ ભાષા શીખવાની સૂચના આપી હતી, એટલે ભાષામાં કોઈ ખરાબી કે બુરાઈ નથી, પરંતુ જ્યારે કોઈ ભાષા કોઈ ધર્મ વિશેષ કે કોઈ સંસ્કૃતિ અને કલ્ચરનું પ્રતિનિધિત્વ કરે, તેમનું રિપ્રેઝન્ટેશન કરે, ત્યારે તેમાં અનેક જાતની ખરાબીઓ પેદા થાય છે.

આજે દુનિયામાં સેંકડો ભાષાઓ બોલાય રહી છે, જેમાં અરબી ભાષા ઈસ્લામમાં આગળ પડતું સ્થાન ધરાવે છે અને ઈસ્લામ ધર્મનું રિપ્રેઝન્ટેશન કરી ઈસ્લામિક માન્યતાઓ અને સંસ્કૃતિ સાથે વિશેષરૂપે જોડાયેલ છે, કારણ કે આપણા પ્યારા નબી સ.અ.વ.ની ભાષા અરબી હતી. એટલે કે જો કોઈ અરબી ભાષા શીખશે તો તે ઈસ્લામથી ફેમિલીયર અને પરિચિત બનશે, કારણ કે અલ્હમ્દુલિલ્લાહ, માશાઅલ્લાહ, ઈન્શાઅલ્લાહ જેવા વાક્યપ્રયોગો કે સલામ–દુઆ જેવા ઈસ્લામિક રિવાજો અને

ગ્રીટીંગ્સ ચોક્કસ શીખશે, એમાં કોઈ બેમત નથી. કહેવાનો મતલબ એ છે કે, અરબી ભાષા ઈસ્લામની ઓળખ સાથે અને તેના પ્રચાર–પ્રસાર તથા ઈસ્લામિક સાહિત્યના પ્રકાશન સાથે ગુંથાયેલી ભાષા છે.

એવી જ રીતે સંસ્કૃત ભાષા હિન્દુ ધર્મમાં એક આગવું સ્થાન ધરાવે છે. સંસ્કૃત ભાષા મધ્ય એશિયામાંથી આવેલા આર્યો કે જેઓને આજે ભારતમાં સવર્ણો એટલે કે બ્રાહ્મણો, પુરોહિતો વગેરે તરીકે ઓળખવામાં આવે છે, તેઓની ભાષા હતી. આર્યો મૂર્તિપૂજકો હતા. તેમના ધર્મગ્રંથો સંસ્કૃત ભાષામાં લખાયેલા હતા. જેમકે, મહાભારત, વેદો–પુરાણો, રૂચાઓ, ઉપનિષદો વગેરે. આમ, સંસ્કૃત ભાષા એ એક ધર્મવિશેષનું પ્રતિનિધિત્વ કરતી અને હિંદુ સંસ્કૃતિની ઓળખ તરીકે પ્રસ્થાપિત થયેલ ભાષા હતી અને આજે પણ છે. જો કે કાળક્રમે ભારતમાં અનેક જાતિઓ અને આક્રમણકારીઓ આવ્યા, જેમકે હુણો, કુષાણો, શકો, ક્ષત્રિયો, ઓસ્ટ્રીકો, અંગ્રેજો, ફિરંગીઓ, વલંદાઓ, ફ્રૅન્ચો, પોર્ટુગીજો, આરબો, ઈરાનીઓ, ગ્રીકો તથા મોગલો વગેરે સેંકડો જાતિઓ અને ધર્મો તથા ભાષા પોતાના રીત–રિવાજો પોતાના ધર્મો, પોતાનો પહેરવેશ, ખાનપાન, બોલ–ચાલ બધું જ તેમણે પોતાની સાથે લઈને આવ્યા અને પોતાની સંસ્કૃતિ તથા ભાષા–ધર્મ વગેરેનો પ્રચાર–પ્રસાર કર્યો. ભારત ઉપર શાસન કર્યું, ક્યારેક ભારતની વહીવટી ભાષા ફારસી બની, તો ક્યારેક ઉર્દૂ! તો ક્યારેક ઈંગ્લીશ, તો ક્યારેક હિન્દી. આમ, ભારતની ભૂમિ ઉપર અનેક

સંસ્કૃતિઓ, ધર્મો તથા વિવિધ ભાષાઓએ પણ જન્મ લીધો, પરંતુ એમાં સંસ્કૃત ભાષાનું ભારતમાં અસ્તિત્વ હોવા છતાં તે પૂરા પ્રમાણમાં ફેલાય શકી નહિ. અલબત્ત, બ્રાહ્મણો અને હિંદુ કટ્ટરવાદીઓના અનથક પ્રયત્નોના પ્રતાપે તેઓ સંસ્કૃત ભાષાને થોડી ઘણી જાળવી શક્યા.

આ એક હકીકત છે કે, કોઈ પણ સંસ્કૃતિ કે ધર્મને સજીવન કરવો હોય, તો તે તેનું પ્રતિનિધિત્વ કરતી ભાષાને ઉત્તેજન આપવું જરૂરી હોય છે અને એટલા માટે જ ભારતમાં જ્યાં જ્યાં નામી પાર્ટીઓ (હિન્દુવાદી રાજકીય પાર્ટીઓ) જેમકે બી.જે.પી., શિવસેના, આર.એસ.એસ., બજરંગદળ, વિશ્વ હિન્દુ પરિષદ, વ. સત્તામાં છે તે રાજ્યોમાં સંસ્કૃત ભાષાને શાળા–સ્કૂલોના અભ્યાસક્રમમાં દાખલ કરીને પોતાના ધર્મ અને સંસ્કૃતિનો ફેલાવો કરવાના અનથક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, જેના નમૂનાઓ આ પુસ્તિકામાં તમે આગળ જોશો, ઈન્શાઅલ્લાહ!

અત્રે તપાસ કરતાં માલૂમ પડ્યું કે, ગુજરાતમાં કેટલીક જગ્યાએ મુસલમાનોના સંચાલન હેઠળની પ્રાઈવેટ સેલ્ફ ફાયનાન્સ શાળાઓ – કૉલેજોમાં આ સંસ્કૃત ભાષાની તા'લીમ આપવામાં આવી રહી છે, જે બદલ જેટલો અફસોસ ના કરીએ તેટલો ઓછો છે. હા ! જો તેઓ વધારાની મરજિયાત ભાષામાં અરબી, ફારસી કે ઉર્દૂ ભાષાની તા'લીમ આપવા ના જ ચાહતા હોય અને ગુજરાત સરકારને ખુશ કરવાના આશયથી સંસ્કૃત ભાષા જ મુસ્લિમ બાળકોને શિખવાડવા માંગતા હોય અને એમાં

તેમને દીન–દુનિયાની ભલાઈ દેખાતી હોય !! તો ગુજરાત સરકાર ઉપર એવું દબાણ કે ભલામણ કરવામાં આવે કે જેથી સંસ્કૃત ભાષામાં એવા સાહિત્યો તૈયાર કરાવે, જેમાં મુસ્લિમો કે ઈસ્લામને કોઈ વાંધો આવતો ન હોય.

અંતે આ પુસ્તિકા લખવા બદલ હઝરત મૌલાના મૂસા સાહેબ કરમાડીને મુબારકબાદ આપવા ઘટે છે. એમણે અત્યંત મહેનત કરી સ્કૂલોમાં મુસ્લિમ બાળકોને શીખવવામાં આવતા સંસ્કૃતના અભ્યાસક્રમના શિર્કિય્યહ શ્લોકોના હવાલાઓ આપ્યા છે, જે કોઈ પણ ગૈરતમંદ મુસલમાન માટે સમજવા માટે કાફી છે. અલ્લાહ પાક મૌલાના મૂસા સાહેબને જઝાએ ખૈર અતા ફરમાવે. આમીન.

ફક્ત વસ્સલામ,
લિ. (હઝરત મૌલાના) ઈસ્માઈલ મનુબરી સા.
હાલ બ્લેકબર્ન યુ.કે.
તા. ૧૦–૦૬–૨૦૦૮

# XF / FVMv:S , MvSF , ÔDF
# ; :STGL TFc , LD VG >: , FIDS ¹ IQ8SM6

## મુસ્લિમ બાળકોને સંસ્કૃતની તાલીમ ઈસ્લામની નજરમાં

જાન્યુઆરી ૨૦૦૮ ના દારુલ ઉલૂમ માસિકમાં "અબુલ ખુલૂસ" હઝરત મૌલાના ઈસ્માઈલ મનુબરી સાહેબનો લેખ વાંચવા મળ્યો, જેનાથી માલૂમ પડયું કે આપણી અમુક મુસ્લિમ કૉલેજોમાં વધારાની ભાષા તરીકે જે સંસ્કૃત શીખવવામાં આવે છે, તેમાં ઢગલેબંધ શિર્કની વાતો શામેલ છે.

વાંચીને જેટલો અફસોસ ન કરીએ તેટલો ઓછો છે. સમજમાં નથી આવતું કે આપણી અમુક મુસ્લિમ શાળાઓ કૉલેજોના જિમ્મેદારોને ઉચ્ચ શિક્ષણ દેવાના બહાના હેઠળ મુસ્લિમ છોકરા / છોકરીઓને દીનથી દૂર કરવામાં આટલો બધો રસ કેમ છે !!!

અત્યાર સુધી તો એવું સાંભળતા રહયા કે, ફલાણી ફલાણી મુસ્લિમ શાળા–કૉલેજોમાં છોકરીઓને ડાન્સ, છોકરાઓને ઢ ોલક, યુનિફોર્મમાં ટાઈ, સિનેમાના એકટરોની નકલ ઉતારવી (એકટરો જેવા શરમજનક ડ્રેસ પહેરાવી તેમના જેવા ડાયલોગ બોલાવવા) વગેરે વગેરે.....ઈસ્લામ વિરોધી, ગુમરાહકુન તાલીમ આપવામાં આવી રહી છે. અને તે પણ ઝકાત – ફિત્રા – સદકાતની રકમમાંથી !!!!! આ સાંભળીને દરેક દીનદાર મુસલમાનને એનો સદમો (આઘાત) તો હતો જ, અને તેમાં વધારો થયો.

હવે એક કદમ ઓર આગળ એ જાણવા મળ્યું કે, આપણી અમુક સ્કૂલ–કોલેજોમાં શિર્ક અને કુફ્રથી ભરપૂર સંસ્કૃતની પણ તાલીમ આપવામાં આવી રહી છે. ઈન્ના લિલ્લાહિ વઈન્ના ઈલયહિ રાજિઊન. "નાતિકાં સર બ–ગરેબાં હે ઉસે કયા કહિએ" હકીકતમાં એક અદના થી અદના મુસલમાન કે જેમના દિલમાં જરા બરાબર (થોડું ઘણું) ઈમાન હશે તે આ દુઃખદ સમાચારથી અફસોસ કર્યા વગર રહી શકતો નથી.

બનવા જોગ છે કે, આટલું વાંચતા અમુક નાસમજ લોકો એવો ઈલ્ઝામ (આક્ષેપ) લગાવવા માંડશે કે, આપણા ઉલમા મુસલમાનોને દુન્યવી તાલીમથી વંચિત રાખવા માંગે છે. જેવી રીતે કે કેટલાક ભણેલા બેવકૂફ મુસલમાનો આપણા બુઝુર્ગોને અને તેમાં ખાસ કરી હઝરત થાનવી (રહ.) ઉપર એવો ઈલ્ઝામ લગાવી એવું કહેતા આવ્યા છે કે, આ ઉલમાએ આપણને અંગ્રેજી તાલીમથી રોકીને કૌમને પછાત રાખ્યા છે. વગેરે.... હાલાંકે હકીકતમાં કોઈ પણ આલિમે મુસલમાનોને અંગ્રેજી તાલીમથી રોકયા નથી. હા ! અંગ્રેજ બનવાથી જરૂર રોકયા છે. કહેતા રહયા કે " અંગ્રેજી શીખો મગર અંગ્રેજ મત બનો " (એટલે કે અંગ્રેજી રહેણી કરણી ન અપનાવો).

જુઓ, આપણા જીલ્લામાં લગભગ ઘણા ગામોમાં હાઈસ્કૂલો ચાલુ કરવામાં આવી છે, જેમાં બીજા મુસ્લિમ છોકરાઓ સાથે આલિમોના છોકરાઓ પણ ભણ્યા, એટલું જ નહીં, ભરૂચ શહેરમાં જ્યારે જ્યારે સ્કૂલો કે કૉલેજોનો પાયો

નંખાયો, ઉદ્‌ઘાટન વિધિ કરવામાં આવી, આપણા ઉલમાએ તેમાં ફકત શિર્કત જ નથી કરી, આ સમારોહમાં શામેલ જ નથી થયા, બલકે બયાનો કર્યા. દુન્યવી તાલીમની જરૂરત, અહેમિયત ઉપર ભાર આપ્યો, દુઆઓ ગુઝારી, દુન્યવી તાલીમને ઉત્તેજન આપ્યું, અને યથાશકિત મદદ પણ કરી, કરાવી.

પરંતુ એનો મતલબ કદાપિ એ નથી કે, આપણી મુસ્લિમ સ્કૂલો–કૉલેજોમાં ઈસ્લામ વિરોધી પ્રવૃતિઓ જોઈને આપણા ઉલમા ચૂપ બેસી રહે. ઉલમાનો જે ફરઝ છે તે તો તેઓ અદા કરતા જ રહેશે. ખરાબને ખરાબ, ખોટાને ખોટું, અને શિર્કને શિર્ક કહેતા જ રહેશે. અગર એક તરફ ઉચ્ચ દુન્યવી તાલીમને સપોર્ટ કરશે તો બીજી તરફ એ દુન્યવી સંસ્થાઓમાં ચાલતી ઈસ્લામ વિરોધી પ્રવૃતિઓની નિશાનદેહી (અંગુલિનિર્દેશ) પણ કરશે. માટે ઉલમાને દુન્યવી તાલીમના વિરોધી હોવાનો જો કોઈ ઈલ્ઝામ આપશે તો એ સદંતર બેવકૂફી અને નરી જહાલત અને અજ્ઞાનતા લેખાશે.

## સંસ્કૃત શું છે ?

આજથી લગભગ બે ત્રણ હજાર વરસ પહેલાં આર્યો મધ્ય એશિયાથી હિંદુસ્તાન આવ્યા હતા. ત્યારે તેમની ભાષા સંસ્કૃત હતી. પરંતુ સંસ્કૃત સાહિત્યમાં ફકત અમુક જ દેવી–દેવતાઓનો ઉલ્લેખ હતો. જયારે કે હિંદુસ્તાનમાં એ સિવાય સંખ્યાબંધ દેવી દેવતાઓની પૂંજા થઈ રહી હતી. એ બધી દેવી દેવતાઓનો ઉલ્લેખ આ સંસ્કૃતના સાહિત્યમાં ન હોવાના કારણે સંસ્કૃત ભાષાને

હિંદુસ્તાનમાં વધારે વેગ મળ્યો નહીં. અર્થાત્ એક મહદૂદ (મર્યાદિત) કોમ્યુનિટીમાં આ ભાષા પ્રયોગાતી રહી.

સંસ્કૃત ભાષા એક એવી ભાષા છે કે જેમાં ઢગલેબંધ શિર્કિય્યહ અને કુફ્રિય્યહ અકાઈદ (માન્યતાઓ) ભરેલા છે. સંસ્કૃત સિવાય દુન્યાની સેંકડો ભાષાઓમાં ભાગ્યે જ કોઈ એવી ભાષા હશે કે જેમાં ઈસ્લામી અકાઈદના ખિલાફ લખાણોની આટલી ભરમાર હોય.

ઉપરાંત વીકી પેડયામાં (WIKI PEDIA) સંસ્કૃતને LANGUAGE OF HINDUISM, BUDDISM, SHIKHISM, JAINISM હિંદુમત, બુધમત, શીખ અને જૈનમતની ધાર્મિક સાહિત્યિક ભાષા હોવાનું જણાવેલ છે અને એટલા માટે જ હિંદુ ધર્મના બધા ગ્રંથો–રામાયણ, મહાભારત વગેરે સંસ્કૃત ભાષામાં રચાયેલ છે. આજે પણ દેવી દેવતાઓની પૂંજા મોટા ભાગે સંસ્કૃતમાં જ થાય છે.

હવે જયારે આવી શિર્કથી ભરપૂર સંસ્કૃત ભાષા શિખવાડવાના કારણે મુસ્લિમ બાળકોના દિમાગમાં શિર્ક અને કુફ્રની વાતો ઘુસાડવાથી ઈમાન તથા આખિરત બરબાદ થવાની ચેતવણી જે મુખ્લિસ ઉલમા તરફથી આપવામાં આવે, તેમના એહસાન માનવાના બદલે તેઓને ખોટી રીતે બદનામ કરવા માટે પોતાની મહેફિલો કે લેકચરમાં એમ કહેવું કે જુઓ, ફલાણા–ફલાણા ઉલમા સંસ્કૃત શીખવાથી રોકે છે, મનાઈ કરે

છે. જ્યારે કે નબીએ પાક (સ.અ.વ.) એ ખુદ સહાબાને ભાષા શીખવાનું કહયું હતું, વગેરે પાયા વગરની વાતો કરવી, બકવાસ કરવો ખુલ્લી જહાલત અને ઈસ્લામી તાલીમ તથા ફરમાને નબવી (સ.અ.વ.)થી તદન અજ્ઞાન ગણાશે.

બેશક, આપણા નબીએ પાક (સ.અ.વ.) એ પોતાના સહાબી હઝરત ઝૈદ ઈબ્ને સાબિત (રદિ.) ને ઈબ્રાની ભાષા શીખવા માટે મોકલ્યા હતા; પરંતુ તે એટલા માટે કે યહૂદીઓ તરફથી ઈબ્રાની ભાષામાં જે  કાગળો આવતા હતા તે વાંચી સમજી શકાય. અને જવાબ પણ આપી શકાય. ઉપરાંત તેઓ તરફથી કોઈ વફદ (ડેલીગેટ) વાટાઘાટ માટે આવે તો વાતચીતની સહૂલત રહે. કિંવા ઈન્ટરપીટર (દુભાષિયા) તરીકે કામ આવે.

આવા ઊંચા અને નેક મકસદ માટે જો બીજી કોઈ ભાષા શીખવા, શિખવાડવામાં આવે તો કોઈ જાતના વાંધા વગર જાઈઝ ગણાશે અને નેકી પણ મળશે. જયારે કે સંસ્કૃત ભાષા ફકત ભાષા તરીકે તો નથી, બલકે એમાં તો શિર્ક અને કુફ્રની તા'લીમ દેવામાં આવે છે. તો પછી આ સંસ્કૃત ભાષા શીખવાને જાઈઝ કેવી રીતે કહી શકાય ?

ગુજરાતની જે સ્કૂલો, કૉલેજોમાં સંસ્કૃતની જે ચોપડીઓ ભણાવવામાં આવી રહી છે, તેમાંથી ધોરણ ૬ થી ૧૦ સુધીની તથા ગાઈડની માર્ગદર્શક નવનીત ધોરણ ૬ થી ૧૦ સુધીની ચોપડીઓ મૌલાના યૂનુસ મારફતે અહીંયાં લંડનમાં મંગાવીને મેં

વાંચી, એમાં કયાં શું લખેલું છે. તે બધું લખવાના બદલે ફકત અમુક નમૂના અત્રે નકલ કરી રહયો છું. જે વાંચીને આશા છે કે દરેક મુસલમાન ભાઈને એનું યકીન પેદા થશે કે સંસ્કૃત ભાષાના નામે આપણાં બાળકોને શું શીખવવામાં આવી રહયું છે.

## સંસ્કૃત : ધોરણ - ૬

પેજ નંબર : ૬

શ્લોક : **ॐ सह नाववतु । सह नौ भुनक्तु ।**
**सह वीर्य करवावहै ।**
**तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ।**
**ॐ शान्तिः शान्तिः शान्तिः ।**

**ભાષાંતર :** ॐ (હે પરમાત્મા !) અમારા બન્નેનું રક્ષણ કરો; અમને બન્નેને ખવડાવો; અમે બન્ને સાથે પરાક્રમ દાખવીએ; અમારા બન્નેનું અધ્યયન તેજોમય બનો; અમે બન્ને એક બીજાનો દ્વેષ ન કરીએ."( અમારા જીવનમાં ) શાંતિ જ, શાંતિ રહો.

*(માર્ગદર્શક પેજ No.499)*

શ્લોક : **ॐ अस्तो मा सदद गमय**
**तमसो मा व्योतिर्गमय**
**मृत्योमां अमतं गमय**
**ॐ शान्तिः शान्तिः शान्तिः**

**ભાષાંતર :** ॐ (હે પરમાત્મા !) તું મને અસત્યમાંથી સત્ય

તરફ, અંધારામાંથી પ્રકાશ તરફ અને મૃત્યુમાંથી અમરત્વ તરફ લઈ જા. (મારા જીવનમાં) શાંતિ જ,શાંતિ રહો.

*(માર્ગદર્શક પેજ No.499)*

**નોંધ :** જ્યાં જ્યાં ૐ લખવામાં આવ્યું છે. એનો મતલબ સંસ્કૃત ધોરણ ૭ ના પેજ ૧૦ ઉપર આ પ્રમાણે લખવામાં આવ્યો છે.

આ મંત્રમાં–નમસ્કાર–વાકયમાં–ૐ પણ એક મંત્ર છે. તેને પ્રણવ પણ કહે છે. તે ત્રણ અક્ષરો **अ,उ अने म्(ओउम्)** નો બનેલો છે. આ ત્રણેય અક્ષરો બ્રહ્મા, વિષ્ણું અને મહેશ–મહાદેવ શંકરના પ્રતીકો છે. મોટે ભાગે સર્વ મંત્રો અને નમસ્કાર–વાકયો ૐથી જ શરૂ થાય છે. સાધકો ૐનો જપ કરીને 'શ્રેય' (સ્વકલ્યાણ, મુકિત) તથા 'પ્રેય'(સંસારના સુખોપભોગ)ની પ્રાપ્તિ કરે છે.

**નોંધ :** સંસ્કૃત ધોરણ – ૬ના પેજ ૬ ના ઉપરોકત શ્લોકો વાંચો અને વિચારો કે હિંદુઓના પ્રખ્યાત દેવી દેવતાઓ વિશે આ સંસ્કૃતની ચોપડીઓ મારફતે મુસ્લિમ બાળકોના દિમાગમાં કેટલા ખોટા અકાઈદ અને શિર્ક–કુફ્રના શ્લોકો ઠોંસવામાં આવી રહયા છે, જે ઈમાનથી ખારિજ કરનાર છે.

<u>પેજ નંબર – ૭</u>

શ્લોક : **नमस्ते शारदे देवि वीणापुस्तकधारिणि**
**विद्यारम्भं करिष्यामि प्रसन्ना भव सर्वदा**

**ભાષાંતર :** હે વીણા અને પુસ્તક ધારણ કરનારી દેવી શારદા! તને નમસ્કાર હજો, હું વિદ્યાની શરૂઆત કરીશ (કરું છું). (તું) હંમેશા (મારા પર) પ્રસન્ન રહેજે.

*(નવનીત માર્ગદર્શક ધોરણ–૬. પેજ No.500)*

શ્લોક : **या देवी सर्वभुतेषु विद्या पेण संस्थिता**
**नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः**

**ભાષાંતર :** જે દેવી સર્વ જીવોમાં બુદ્ધિરૂપે રહેલી છે, તેને નમસ્કાર હજો, તેને નમસ્કાર હજો, તેને વારંવાર નમસ્કાર હજો.

*(પેજ નં. 500 )*

<u>પેજ નંબર – ૩૩</u>

શ્લોક : **कराग्रे वस्ते लक्ष्मीः करमूले सरस्वती**
**करम-ये तुं गोविन्दः प्रभाते केरदर्शनम्**

**ભાષાંતર :** લક્ષ્મી હથેળીના અગ્રભાગમાં, મા શારદા હથેળીના મૂળમાં અને ભગવાન શ્રીકૃષ્ણ હથેળીના મધ્યમાં વાસ કરે છે. (એટલે) સવારમાં હથેળીનું દર્શન કરવું.

*(પેજ નં. 533 )*

શ્લોક : **गुरुर्बह्मा गुरुविष्णुंः गुरुदेवो; महेश्वर;**
**गुरुः साक्षात् परं ब्रह्म तस्मै श्रीगुरवे नमः**

**ભાષાંતર :** ગુરુ બ્રહ્મા છે. ગુરુ વિષ્ણુ છે, ગુરુ મહાદેવ સ્વરૂપ છે. ગુરુ મૂર્તિમંત પરબ્રહ્મ જ છે. તે શ્રીગુરુદેવને નમસ્કાર હજો.

*(પેજ નં. 533)*

શ્લોક : **यन्मूले सर्वतीर्थानि यन्म-ये सर्वदेवताः**
**यदग्रे सर्ववेदाश्च तुलसि त्वां नमाम्यहम्**

**ભાષાંતર :** હે તુલસી જેના મૂળમાં બધા તીર્થો, જેના મધ્ય ભાગમાં બધા દેવ દેવીઓ અને અગ્ર ભાગમાં બધા (ચારેવ) વેદો છે. તેથી તને હું નમન કરું છું.

*(પેજ નં. 534 )*

**નોંધ :** તે મુસલમાન ભાઈઓ ! જેમના બાળકો સંસ્કૃતની તાલીમ લે છે. સીના ઉપર હાથ મૂકી ઠંડા કલેજે વાંચે અને વિચારે કે આવી ઈમાનસોઝ શિર્ક અને કુફ્રથી ભરપૂર ભાષા શિખવાડવાનું આપણા હમદર્દ આલિમો મના કરે તો તેમાં ખોટું શું છે ? શું ઈમાનની હિફાઝત જરૂરી અને ફર્ઝ નથી ?

## સંસ્કૃત : ધોરણ - ૭

<u>પેજ નંબર : ૪</u>

શ્લોક : **ॐ परमात्मने नमः**
**ॐ जानात्मने नमः**
**ॐ मित्राय नमः**
**ॐ नमो भगवते वासुदेवाय**
**ॐ स्वास्ति नः बृहस्पतिः दधातु**

**ભાષાંતર : નમો નમઃ ( નમસ્કાર હો ! નમસ્કાર હો ! )**

આ પાઠમાં પાંચ નમસ્કાર વાકયો આપવામાં આવ્યાં છે. પૂજન–યજ્ઞ જેવા શુભપ્રસંગો વખતે આ પ્રકારના મંત્રરૂપ વાકયોનું ઘણું મહત્ત્વ છે. આવા સંક્ષિપ્ત અને સરળ નમસ્કાર વાકયોનું ઉચ્ચારણ જીવનમાં સુખ–શાંતિ અને સ્વસ્થતા આપનાર બને છે.

**પહેલું નમસ્કાર–વાકય** જગતના નાથ, જગતના પરમ પિતા પરમાત્માને ઉદ્દેશીને છે. પરમાત્મા સર્વજ્ઞ અને સર્વશકિતમાન છે. પરમધામ કે નિર્વાણધામના અધિષ્ઠાતા પરમાત્મા સૂક્ષ્મરૂપે સર્વત્ર વિદ્યમાન છે. પરમાત્માને નમસ્કાર કરવા એટલે તેમનું સાચા દિલથી સ્મરણ કરવું. પરમાત્માને નમસ્કાર કરવાથી સર્વ ગુણો તથા શકિતની પ્રાપ્તિ થાય છે. નમસ્કાર–વાકય નીચે પ્રમાણે છે.

**ૐ परमात्मने नमः ।** ૐ પરમાત્માને–શ્રેષ્ઠ આત્માને નમસ્કાર હો.

આ મંત્રમાં–નમસ્કાર–વાકયમાં–ૐ પણ એક મંત્ર છે. તેને પ્રણવ પણ કહે છે. તે ત્રણ અક્ષરો અ,ઉ અને મ્(ઓઉમ્) નો બનેલો છે. આ ત્રણેય અક્ષરો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ–મહાદેવ શંકરના પ્રતીકો છે. મોટે ભાગે સર્વ મંત્રો અને નમસ્કાર–વાકયો ૐથી જ શરૂ થાય છે. સાધકો ૐનો જપ કરીને 'શ્રેય' (સ્વકલ્યાણ, મુકિત) તથા 'પ્રેય' (સંસારના સુખોપભોગ)ની પ્રાપ્તિ કરે છે.

**બીજું નમસ્કાર–વાકય** જ્ઞાનસ્વરૂપ આત્માને ઉદ્દેશીને છે. ક્ષર પુરુષ (વિનાશી જગત–સર્વ પ્રાણીઓ) ને સજીવ કરનાર અક્ષ પુરુષ (અવિનશી–અંતર્યામી) આત્મા કહેવાય છે. આત્મા અજર, અમર અને શા□ત છે. તે ઉત્તમ પુરુષ–પરમાત્મા–નો અંશ છે. એટલે જ્ઞાન, સુખ, શાંતિ દયા વગેરે ગુણોથી યુકત છે. જેમ પરમાત્મા સમસ્ત બ્રહ્માંડનું જ્ઞાન ધરાવે છે, તેમ આત્મામાં પણ એ જ્ઞાન ગુપ્ત રીતે રહેલું છે. આ નમસ્કાર–વાકયનો જપ કરનાર સાધક પોતે સર્વજ્ઞાનસંપન્ન આત્મા હોવાની અનુભૂતિ કરે છે. નમસ્કાર વાકય નીચે પ્રમાણે છે.

ૐ **आत्माने नमः ।** ૐ જ્ઞાન સ્વરૂપ આત્માને નમસ્કાર હો!

**ત્રીજું નમસ્કાર–વાકય** ભગવાન સૂર્યનારાયણને ઉદ્દેશીને છે. સૂર્યનારાયણ આ જગતના પ્રાણ છે, સર્વનું જીવન છે અને સૌના 'મિત્ર' છે. વનસ્પતિસૃષ્ટિ અને પ્રાણી જગતના મિત્ર એવા સૂર્ય ભગવાનની ઉપાસનાથી તેજસ્વિતા, સંપત્તિ અને શકિત મળે છે. નમસ્કાર–વાકય નીચે પ્રમાણે છે.

ૐ **मित्राय नमः ।** ૐ જગતના મિત્રરૂપ સૂર્યને નમસ્કાર હો!

**ચોથું નમસ્કાર–વાકય** વસુદેવપુત્ર શ્રીકૃષ્ણ – શ્રીવિષ્ણુના અવતાર શ્રીકૃષ્ણ–ને ઉદ્દેશીને છે. દેવર્ષિ નારદે બાળક ધ્રુવને આ દ્વાદશાક્ષરી નમસ્કાર–મંત્રનો જપ કરી ભગવાન વિષ્ણુને પ્રસન્ન કરવાનું સૂચન કર્યુ હતું. જગતપાલક શ્રીવિષ્ણુના અવતાર શ્રીકૃષ્ણ જગદગુરુ હતા. તેમની ઉપાસના કરનાર સાધક

પરમગતિને–સદ્‌ગતિને–પ્રાપ્ત કરે છે. નમસ્કાર–વાકય નીચે પ્રમાણે છે.

**ॐ नमो भगवते वासुदेवाव ।** ૐ વસુદેવના પુત્ર ભગવાન વાસુદવને–શ્રીકૃષ્ણ નમસ્કાર હો !

**પાંચમું નમસ્કાર–વાકય** વાણીદેવ બૃહસ્પતિને ઉદ્દેશીને છે. આમાં વાણીના દેવને–દેવગુરુ બૃહસ્પતિને પ્રાર્થના કરવામાં આવી છે કે બૃહસ્પતિ અમારું કલ્યાણ કરો. બૃહસ્પતિની ઉપાસનાથી સાધક સર્વ વિદ્યાઓમાં પારંગત થઈ આત્મકલ્યાણ સાધી શકે છે. નમસ્કાર–વાકય નીચે પ્રમાણે છે.

**ॐ स्वास्ति नः बृहस्पतिः दधात ।** ૐ વાણીના સ્વામી–દેવગુરુ બૃહસ્પતિ અમારું કલ્યાણ કરો.

ઉપરનાં પાંચેવ નમસ્કાર વાકયો તમારા શિક્ષકના માર્ગદર્શન હેઠળ શુદ્ધ ઉચ્ચારે ફરી ફરીને બોલો. તે બધાનું ભાષાંતર વાંચો અને સમજો. આ નમસ્કાર–વાકયોનું ઉચ્ચારણ લયબદ્ધ રીતે તેમજ મધુરતાથી થાય તે જરૂરી છે. નમસ્કાર કરી, આંખો મીંચી, ધીમી ગતિથી આ મંત્રોનું પઠન તેમજ ગાન કરો.

*(નવનીત ધોરણ – ૭. પેજ નં. 10-11-12 )*

**નોંધ :** સંસ્કૃત ધોરણ – ૭ ના ઉપરના પાંચેવ શ્લોકો ધ્યાનથી વાંચો– જુઓ, એમાં

બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ શંકર, સ્વામી દેવગુરુ વગેરે વગેરેના જપ કરવાની તથા તેનાથી જ્ઞાન, સુખ અને શાંતિ મળવાની તાલીમ આપવામાં આવી છે. આ બધું જોતાં મુસલમાનો પોતે જ વિચારે કે આવી શિર્કની તાલીમ આપણાં બાળકોને અપાવવી શું જાઈઝ છે? અને આવી સ્પષ્ટ વાતો સમજવા માટે કોઈ ખુલાસાની જરૂરત ખરી ?

**ધોરણ - ૮**

<u>પેજ નંબર : ૧</u>

શ્લોક : **गणेश विघ्ननाशाय विद्यायै शारदां तथा**
**कुबेरं धनलाभाय पूजयान्ते जनाः सर्दा**
**कराग्रे वसते लक्ष्मीः करम-ये सरस्वती**
**करमूले तु गोविन्दः प्रभाते करदर्शनम्**
**अभयं देहिं देवेश पापात अस्मान निवारय**
**वयं त्यां शरणं यामः रक्ष नः शरणागतान्**

**ભાષાંતર :** લોકો સંકટોના નાશ માટે ગણેશને, વિદ્યા માટે સરસ્વતીને તથા ધનપ્રાપ્તિ માટે કુબેરને હંમેશા પૂજે છે.

લક્ષ્મી હાથના અગ્ર ભાગમાં; સરસ્વતી હાથના મૂળ ભાગમાં અને ભગવાન શ્રીકૃષ્ણ (તો) હાથના મધ્યમાં વસે છે. (એટલે) સવારમાં હાથનું દર્શન કરવું.

હે દેવાધિદેવ ! (અમને) નિર્ભયતા આપો; અમને પાપકર્મ કરતા રોકો. અમે તમારે શરણે જઈએ છીએ. (તમે) શરણે આવેલા અમારી રક્ષા કરો.

*(નવનીત ધોરણ – ૮. પેજ નં.૫)*

યોગીરાજ : **एकः साधुः नर्मदातटे भ्रमति । सः कदाचित् निर्जन स्थानम् आगच्छति । सर्वत्र बर्बुथुवराः वर्तन्ते । तत्र वृश्रिकसर्पाद्रय अपिसन्ति सहसा साधुः एक विरल द्रश्य परयति । सर्प मयूरेण सह खेलति । एतां भूमि दिव्यां मत्वा साधुः तत्रैव निवसति । सः तत्रैव तपश्चर्या प्रारंभते ।**

**तस्य तपश्चर्याः प्रभावेन आश्रमे निम्बवृक्षस्य पर्णानां स्वादः मधुरः भपति । एक कुकुर तस्य सेवकः भुत्वा अहर्निशं तेने सह वसति । साधोः दर्शन र्कत्वा एव सः श्वानः नित्यं खादति । सः सारमेयः मृत्युकाले अपि साधोः दर्शन करोति । साधोः आज्ञां प्राप्य सः प्राणान् त्यजति ।**

*(પેજ નં. ૫૮)*

**ભાષાંતર :** એક સાધુ નર્મદાકાંઠે ભ્રમણ કરે છે. તે એક વાર એક નિર્જન સ્થળે આવે છે. બધે બાવળ અને થોરના ઝાડવાં છે. ત્યાં વીંછીઓ, સાપો વગેરે પણ છે. એકાએક સાધુ એક વિરલ દશ્ય જુએ છે. સાપ મોર સાથે રમે છે. આ ભૂમિને દિવ્ય માનીને સાધુ ત્યાં જ રહી જાય છે. તે ત્યાં જ તપસ્યા શરૂ કરે છે.

તેના તપના પ્રભાવથી આશ્રમમાં (કડવા) લીમડાના પાંદડાનો સ્વાદ મીઠો થઈ જાય છે. એક કૂતરો તેનો સેવક થઈને દિવસ–રાત તેની સાથે રહે છે. સાધુના દર્શન કરીને જ કૂતરો હંમેશાં ખાય છે. તે કૂતરો મરતી વખતે પણ સાધુના દર્શન કરે છે. સાધુની આજ્ઞા લઈને તે (પોતાના) પ્રાણ ત્યજે છે.

*(નવનીત ધોરણ – ૮. પેજ : ૯૮)*

**નોંધ :** સંસ્કૃત ધોરણ– ૮ ના ઉપરોકત પાઠમાં એક સાધુ–સંતની કરામત (ચમત્કાર) બતાવવામાં આવી છે, જેનાથી મુસ્લિમ બાળકોના ઈસ્લામી અકાઈદ કમઝોર થવાનો ભય છે. આ વાંચવાથી બાળકના દિલમાં એમ આવશે કે કરામત ફકત અવલિયા અલ્લાહથી જ ઝાહિર થતી નથી; બલકે હિંદુઓના સાધુ સંતોના હાથે પણ કરામત ઝાહિર થાય છે.

ફઅ્તબિરૂ યા ઉલિલ અબ્સાર ........

(હે સમજદારો ! તમો ઈબ્રત હાસિલ કરો. –**કુર્આન**)

આ સિવાય ધોરણ –૮ ના પેજ નં. ૧૧–૩૬–૬૩–૭૮ અને ૮૨ ઉપર શિર્ક અને કુફ્રના ગંદા અકીદહ કેટ કેટલા મૌજૂદ છે, તેની જાણ માટે ત્યાં જોઈ શકાશે.

## **સંસ્કૃત ધોરણ : ૯**

શ્લોક : **विश्वस्य धात्रीं जनदुःखहन्ती**
**अम्बेति नाम्नीं करुणामयी ताम्**
**विश्वेश्वरीं तापविनाशयित्री**
**शक्तिस्वरुणां सततं नमामि**

*(પેજ : ૧)*

**ભાષાંતર :** વિશ્વને ધારણ કરનારી, લોકોના દુ:ખોને હણનારી, 'અંબાજી' નામની, કરુણાવાળી, વિશ્વની અધિષ્ઠાત્રી, (જગતના) સંતાપોનો (આધિ,વ્યાધિ અને ઉપાધિ એ ત્રિતાપનો) વિનાશ કરનારી તે શકિત સ્વરૂપા (દેવી)ને હું વારંવાર નમું છું.

*(નવનીત ધોરણ : ૯, પેજ : ૫)*

શ્લોક : **समुद्रतीरे शशिना प्रतिष्ठतं**
**प्रभासतीर्थे परमं पवित्रम्**
**तं सोमनाथं सततं नमामि**

*(પેજ : ૧)*

**ભાષાંતર :** સમુદ્રના કાંઠે પ્રભાત નામના તીર્થમાં ચંદ્ર વડે પ્રતિષ્ઠા કરાયેલા, પરમ પવિત્ર, જયોતિથી યુકત, ગુજરાતની ધરતીના રત્ન તે (ભગવાન) સોમનાથને (હું) વારંવાર નમન કરું છું.

*(નવનીત ધોરણ : ૯, પેજ : ૬)*

શ્લોક : प्रतिष्ठतं डडकपुरे सुरम्ये
जनोन् ऋणेभ्यो ननु मोचयन्तम्
श्रद्धाप्रतीकं रणछोडगौत्रं
कृष्ण प्रभुं तं शिरसा नमामि ॥

*(પેજ : ૨)*

**ભાષાંતર :** અત્યંત રમણીય ડાકોર ગામમાં પ્રતિષ્ઠા કરાયેલા, મનુષ્યોને (ત્રિવિધ) ઋણોથી છોડાવનારા, શ્રદ્ધાના પ્રતીક 'રણછોડ' નામના તે પ્રભુ શ્રીકૃષ્ણને (હું) મસ્તકથી પ્રણામ કરું છું.

*(નવનીત પેજ : ૬)*

શ્લોક : श्रीपादलिप्ते नगरे प्रसिंं
शत्रुग्जयाख्ये गिरिराजराजे ।
रागाद् विमुक्तं जनमुक्तिहेतु
जिनेश्वरं तं मनसा स्मरामि ॥४॥

*(પેજ નં.: ૨)*

**ભાષાંતર :** પ્રસિદ્ધ પાલિતાણા નગરમાં શત્રુંજય નામના શ્રેષ્ઠ પર્વતરાજા પર આશકિતથી મુકત થયેલા તેમજ માનવોની મુકિત (આપનારા) ના નિમિત્તરૂપ તે જિનેશ્વર (મહાવીર સ્વામી) ને(હું) અંતઃકરણથી સ્મરું છું.

*(નવનીત પેજ : ૭)*

**નોંધ :** સંસ્કૃત ધોરણ – ૯ ના ઉપરોકત શ્લોકો વાંચો, અને વિચારો કે એમાં હિંદુઓની દેવી–દેવતાઓ અંબાજી, શ્રીકૃષ્ણ, મહાવીર સ્વામી વગેરે વિશે શું શું માન્યતાઓ અને અકીદહ લખ્યા છે. હવે જયારે મુસ્લિમ બાળક આવી શિર્ક અને કુફ્રની તાલીમ લે, તો શું તેમનામાં ઈમાન બાકી રહેશે ખરું ?

*ચૂં કુફ્ર દર કાબા બર ખેઝદ, કુજા માનદ મુસલમાની.*

**ધેનુ પ્રસાદ : एकदा दिलीपः सुदक्षिणया साधु गुरोः वसिष्ठस्य आश्रममगच्छत् । सः सुदक्षिणा च गुरुमरुन्धतीं च प्राणमताम् । वसिष्ठो भूपतिं राजयविषयकं कुशलमपृच्छत् "गुरो सवर्त्र अस्माकं कुशलम् । किन्तु, पुत्रालाभात् चित्ते विषादो वर्ततें ।" गुरूणा उक्तम "नरदेव, धेनुः परमं दैवतम । ममाश्रमे कामधेनपत्री नन्दिनी वसति । तां धेनु परिचर । तस्याः प्रसादेन तव सुतो भविष्यति ।**

*(ધોરણ : ૯ પેજ, ૧૦)*

**ભાષાંતર :** મનુના વંશમાં દિલીપ નામનો રાજા થઈ ગયો. સુદક્ષિણા તેની પત્ની હતી. સુદક્ષિણા સાથે દિલીપે અનેક પ્રકારના સુખ ભોગવ્યા, પરંતુ એક પુત્રપ્રાપ્તિનું સુખ તેને મળ્યું ન હતું.

એક વાર દિલીપ (રાજા) સુદક્ષિણા સાથે ગુરુ વસિષ્ઠના આશ્રમે ગયો, તેણે અને સુદક્ષિણાએ ગુરુ તથા (તેમના ધર્મપત્ની)

અરુંધતીને પ્રણામ કર્યા. વસિષ્ઠે રાજાને રાજય વિશેના કુશળ સમાચાર પૂછયા. દિલીપે કહ્યું, “ હે ગુરુજી ! બધે (સર્વ સ્થળે) અમારું કુશળ છે. પરંતુ પુત્ર ન થવાથી મનમાં ઉદાસી રહે છે. ” ગુરુએ કહ્યું, “ હે રાજા ! ગાય શ્રેષ્ઠ દેવતા છે. મારા આશ્રમમાં કામધેનુની પુત્રી નંદિની રહે છે. તે ગાયની તું સેવા કર, તેની કૃપાથી તને પુત્ર થશે.

એટલામાં નંદિની વનમાંથી પાછી આવી. દિલીપ (પોતાની) પટલાણી (સુદક્ષિણા) સાથે પર્ણકુટીમાં રહ્યો. તેણે પત્ની સાથે ખૂબ આદરપૂર્વક નંદિનીની સેવા કરી. તેની અનન્ય (અજોડ) સેવાથી નંદિની પ્રસન્ન થઈ. પ્રસન્ન થયેલી ગાય પાસે રાજાએ પુત્રની યાચના કરી. પછી ગાયની કૃપાથી દિલીપના કુળ માં રઘુ નામનો પુત્ર થયો.

*(નવનીત પેજ : નં. ૨૮)*

**નોંધ :** સંસ્કૃત ધોરણ – ૯ ના પેજ નં. ૨૮ માં લખેલી વાતો વાંચો. એમાં જે બતાવવામાં આવ્યું છે કે દિલીપ નામના રાજા વસિષ્ઠના આશ્રમમાં ગુરુ પાસે ગયા. અને કહેવા લાગ્યો કે ગુરુજી અમોને રાજપાટ કે સુખ શાંતિ વગેરે.... બધી જાતની સગવડો પ્રાપ્ત છે, પરંતુ અમારે અવલાદ ન હોવાથી મનમાં ઉદાસી રહે છે. જવાબમાં ગુરુજીએ કહયું કે ગાય એક મોટો દેવતા છે. માટે તમો ગાય માતાની

સેવા કરશો તો તમારે ત્યાં પુત્ર પેદા થશે. અંતે રાજા તરફથી ગાયની ખૂબ સેવા કરવામાં આવી. જેથી ગાયની કૃપાથી રાજાને ત્યાં પુત્ર પૈદા થયો.

જોયું આપે !! હિંદુ લોકો ગાયને પૂજે છે. ગાયને માતા કહે છે, જેથી બાળકોના દિમાગમાં ગાયની મહત્ત્વતા પૈદા કરવા માટે મનઘડત વાતો લખીને ગાયને મુરાદ પૂરી કરનાર, ઔલાદ દેનાર દેવતા તરીકે રજૂ કરવામાં આવી છે. જે સરાસર ઈસ્લામી અકાઈદની વિરુદ્ધ છે. આવી ગંદી માન્યતા રાખનાર ઈસ્લામથી ખારિજ થઈ જાય છે. માટે મુસલમાનોએ સમજવાનું રહયું કે શું પોતાનાં બાળકોને આવા શિર્કિય્યહ અકીદહની તાલીમ આપવી જાઈઝ હોઈ શકે છે ? આ સિવાય પેજ ૪૮ ઉપર પણ મુસ્લિમ બાળકોના ઈસ્લામી અકાઈદ ખરાબ કરવાની કોશિશ કરવામાં આવી છે.

**સંસ્કૃત ધોરણ : ૧૦**

શ્લોક : **पुनरपि जननं पुनरपि मरणं**
**पुनरपि जननीजतरे शयनम् ।**
**ईह संसारे खलु दुस्तारे**
**कृप्यापारे पाहि मुरारे ॥॥**

**ભાષાંતર :** ફરીફરીને જન્મવું, ફરીફરીને મરવું અને ફરીફરીને માતાના ઉદરમાં સૂવું પડે છે. હે ભગવાન વિષ્ણુ ! મુશ્કેલીથી તરી

શકાય એવા આ અનંત સંસારમાં ખરેખર તમે કૃપા કરીને મારી રક્ષા કરો.

*(નવનીત ધોરણ : ૧૦, પેજ નં. ૧૬૬)*

**નોંધ :** હિંદુ લોકો આવાગવન – પુર્નજનમને માને છે, એટલે કે એમની એક ખોટી માન્યતા એ પણ છે કે દરેક માણસ દુનિયામાં રહીને જે ખરા–ખોટા કરતૂતો, કામો કરે છે, તેના મર્યા પછી ફરી તે પેદા થાય છે. ત્યારે તે જ કર્મો પ્રમાણે પેદા થાય છે. દા.ત. કૂતરા કે ગધેડા જેવા કરતૂતો કર્યા હશે તો બીજા જનમમાં તે માણસ કૂતરો કે ગધેડો બનીને પૈદા થશે.

અહીંયા જુઓ ! આ સંસ્કૃત ધોરણ ૧૦ના ઉપર જણાવેલા શ્લોકમાં આવાગવનની શિર્કિય્યહ તા'લીમ દેવામાં આવી રહી છે, જે ઈસ્લામી માન્યતા અને અકીદાના તદન ખિલાફ છે. આ સિવાય પેજ નં. ૧–૪૮–૭૬ પણ આવા જ શિર્કિય્યહ લખાણોથી ભરેલાં છે, જેનાથી ફલિત થાય છે કે મુસ્લિમ બાળકોને આવા ઈસ્લામના ખિલાફ અકાઈદવાળી સંસ્કૃત ભાષા શિખવાડવામાં કેટ કેટલું નુકશાન છે.

આ બાબતની એટલે કે આપણી અમુક મુસ્લિમ કૉલેજોમાં સંસ્કૃતની તાલીમ દેવાઈ રહી હોવાની જાણ થતાં મૌ. યૂનુસ ઈસ્માઈલ વલણવાળાએ સંસ્કૃત ધોરણ ૬ અને ૭ની

ચોપડીઓમાંથી શિર્કથી ભરેલા ફકત પાંચ શ્લોકો લખી દારુલ ઉલૂમ – કંથારીઆના સદર મુફતી હઝરત મૌલાના ઈસ્માઈલ સાહેબ ભડકોદ્રવી ઉપર તા. ૨૦/૧૨/૨૦૦૭ ના રોજ સવાલ લખી મોકલ્યો.

સવાલમાં લખ્યું કે ગુજરાત સરકારે સ્કૂલ તથા કૉલેજોમાં વધારાની ભાષા તરીકે અરબી, ફારસી, ઉર્દૂ, સંસ્કૃત વગેરેમાંથી કોઈ એક ભાષા મરજિયાત તરીકે શીખવવાની સૂચના કરી છે, કે આમાંથી કોઈ એક ભાષાનું શિક્ષણ આપી શકાય. અંતે કેટલાક મુસ્લિમ ગામોની સરકારી સ્કૂલોમાં મરજિયાત વધારાની ભાષા તરીકે ફારસી ભાષા શીખવવામાં આવી રહી છે. અને સંસ્કૃત ભાષાનો કોર્ષ હિંદુત્વ આધારિત હોવાથી તથા તૌહીદ સાથે ટકરાવાના કારણે ઘણાં મુસલમાન ભાઈઓએ સંસ્કૃતને સ્થાન આપ્યું નહીં. જે ખુશીની વાત છે.

પરંતુ બદકિસ્મતીથી આપણી અમુક મુસ્લિમ મંડળો સંચાલિત કૉલેજો તથા સ્કૂલોમાં તૌહીદન વિરોધી એવી સંસ્કૃત ભાષાનું સાહિત્ય મુસ્લિમ બાળકોને ભણાવવામાં આવી રહયા છે, જેમાંથી અમુક શ્લોકો નમૂના રૂપે સાથેના કાગળમાં લખી મોકલી રહયો છું. એ વાંચીને આપ મુહતરમને ખબર પડશે કે એમાં કેટ કેટલી વાતો ઈસ્લામી અકાઈદ (માન્યતાઓ) ના વિરોધ તથા કુફ્ર શિર્કથી ભરેલી છે.

જેથી આપને આ સવાલ મારફત પૂછવાનું એ કે .....

(૧) શું આવી જાતની તૌહીદ વિરોધી ભાષા કે જેમાં શિર્ક અને કુફ્ર ભરેલા હોય, મુસ્લિમ બાળકોને શીખવા, શિખવાડવા જાઈઝ છે ?

(૨) તૌહીદ વિરોધી શિક્ષણને પ્રોત્સાહન આપવું, પૈસે ટકે સપોર્ટ કરવો, કરાવવો શરીઅતની દષ્ટિએ જાઈઝ છે કે હરામ ? આશા છે કે આપ જવાબ આપી શુક્રિયાનો મોકો આપશો.

ઉપરોકત સવાલ વાંચી ગુજરાતના પ્રખર મુફતીઓમાં આગળ પડતું સ્થાન ધરાવનાર મુફતી સાહેબ કે જેમની નજર ફકત વર્તમાન યુગ તરફ નથી, બલકે ભૂતકાળ અને ભવિષ્યકાળના દરેક જાતના ઉતાર ચઢાવ અને ઊંચ નીચ ઉપર ગેહરી નજર છે. ઉપરાંત, વિશાળ ઈલ્મથી માલામાલ હોવા સાથે દારુલ ઉલૂમ – કંથારીઆ જેવા ગુજરાતના આગળ પડતા ઈદારાના સદર મુફતી તથા દારૂલ કુર્આન – જંબુસરના શૈખુલ હદીષ તરીકેની મહત્ત્વની ડબલ જિમ્મેદારીઓ અતિ મહેનત અને ઈખ્લાસપૂર્વક અંજામ દેનાર, ‘‘ઝુબ્દતુલ ફતાવા’’ ના લેખક હઝરત મૌલાના ઈસ્માઈલ ભડકોદ્રવી સાહેબે ફતાવા આલમગીરી, ફતાવા શામી તથા બહરુર્રાઈક જેવી મશહૂર કિતાબોના હવાલા સાથે તા. ૧૦/૧/૦૮ ના જે જવાબ આપ્યો તે શબ્દશઃ નીચે મુજબ છે.

**જવાબ :**—— જાઈઝ અને સ્વચ્છ હેતુઓ માટે કોઈ પણ ભાષા શીખવી જાઈઝ છે, પરંતુ તમે સવાલ સાથે રજૂ કરેલ પાઠય પુસ્તકોના સંસ્કૃત ભાષાના શ્લોકોના ભાષાંતરથી મજકૂર શ્લોકોનું શિર્કિય્યહ શબ્દો અને વાકયો હોવું સ્પષ્ટ અને જાહેર છે. મુસ્લિમ માસ્તરો અને બાળકોએ સંસ્કૃત ભાષા શીખવા શિખવાડવા માટે આવા શિર્કિય્યહ શ્લોકો બોલવા સખત નાજાઈઝ અને હરામ છે.

અને ઈમાન માટે ખતરારૂપ છે. જો સંસ્કૃત ભાષા શીખવા–શિખવાડવા માટે મજકૂર શ્લોકો બોલવા પડતા હોય તો એવી રીતે ભાષા શીખવી હરગિઝ જાઈઝ નથી. પોતાના પ્રાણ પ્યારા ઈમાનની હિફાઝત માટે આવા શિર્કવાળા શબ્દો બોલી ભાષા શીખવા–શિખવાડવાથી બચવું ખૂબ જ જરૂરી અને લાઝિમ છે. જો આ બાબતની જાણકારી છતાં આ રીતે ભાષા શીખવા–શિખવાડવામાં આવશે તો આવા શબ્દો બોલનારના ઈમાન માટે ભયરૂપ અને કુફ્ર ગણાશે. અને વાલીઓ, પ્રોત્સાહકો અને સહાયકો પણ સખત ગુનેહગાર ઠરશે.

*(આલમગીરી ભા.૨/બહર ભા. ૫. ૧૨૫/શામી ભા. ૩/૨૮૫)*

والله تعالیٰ اعلم بالصواب

અહકર ઈસ્માઈલ ઈબ્રાહીમ ભડકોદ્રવી ગુફિરલહૂ

૩૦/ઝુલહજ–૧૪૨૮ – ૧૦/૧/૨૦૦૮.

આ પત્રિકાનું શરૂથી અહીંયા સુધીનું બધું લખાણ તૈયાર થયા બાદ બર્તાનિયાના મશહૂર આલિમ દારુલ ઉલૂમ – લંડનના સ્થાપક, મોહતમિમ, શૈખુલ હદીષ, સદર મુફતી કે જેમની ખુદાદાદ ઈલ્મી સલાહિયત જગજાહેર છે. વળી, હઝરત શૈખ મૌલાના કમરુઝઝમાં સાહબ (દામત બરકાતુહુમ) ઈલાહાબાદીના ખલીફએ મુજાઝ હોવા ઉપરાંત અનેક ખૂબીઓથી માલામાલ એવા આલિમે દીન હઝરત મૌલાના મુફતી મુસ્તફા સાહેબ ટંકારવીને મેં પહોંચાડયું અને સાથે નીચે મુજબનો સવાલ લખી મોકલ્યો.

તાઃ ૧૮/૫/૨૦૦૮

મુહતરમી જનાબ મુફતી મુસ્તફા સાહેબ ,

સદર મુફતી દારુલ ઉલૂમ – લંડન.

અસ્સલામુ અલયકુમ વ. વબરકાતુહુ

સલામ બાદ, ગુજરાતના કેટલાક મુસ્લિમ ગામડાઓમાં તથા અમુક મુસ્લિમ કૉલેજોમાં વધારાની ભાષા તરીકે ફારસી, અરબી કે ઉર્દૂના બદલે સંસ્કૃત ભાષાની તાલીમ આપવામાં આવી રહી છે. આ ગુજરાત સરકાર માન્ય સંસ્કૃત ભાષાની ચોપડીઓમાં તૌહીદના ખિલાફ દેવી દેવતાઓના ઢગલેબંધ અકાઈદ લખેલા છે. જેના અમુક દાખલા આ સાથે અત્રે રવાના છે. આશા છે કે

ફુરસત કાઢી આ બધું વાંચી તફસીલથી જવાબ લખી મોકલશો.

પૂછવાનું એ કે.........

(૧) આ પ્રકારની સંસ્કૃત ભાષા કે જેને શીખવામાં મુસ્લિમ છોકરા/છોકરીઓનાં દિલોમાંથી ઈમાન, ઈસ્લામ નીકળી જવાનો ભય હોય, એવી શિર્કથી ભરપૂર સંસ્કૃત ભાષાને પોતાની સ્કૂલો કે કોલેજોમાં શીખવવાનો બંદોબસ્ત કરનાર, ઉત્તેજન અને પ્રોત્સાહન આપનાર મુસલમાન માટે શરીઅતનો શું હુકમ છે ?

(૨) આ પ્રકારની તૌહીદ વિરોધી ભાષા શિખવાડવામાં આવે કે, જેમાં શિર્ક અને કુફ્રના અકાઈદ (માન્યતાઓ) ની ભરમાર હોય, મુસ્લિમ છોકરા/છોકરીઓ માટે શું આવી ભાષા શીખવી શરીઅતની રૂએ જાઈઝ છે ?

(૩) આ પ્રકારની સ્કૂલો કે કોલેજોને પગભર બનાવવા, પ્રગતિ આપવા માટે ઝકાત, ફિત્રાની રકમથી મદદ કરવામાં આવે તો શું તેનાથી ઝકાત ફિત્રો અદા થશે ખરો ? આ હેતુસર ઝકાત ફિત્રો ઉઘરાવનાર માટે શરીઅતનો શું હુકમ છે ?

(૪) "દિવ્ય ભાસ્કર"નામનું ગુજરાતી પેપર જે વડોદરા/સૂરત વગેરેથી પ્રસિદ્ધ થાય છે, તેની ભરૂચની આવૃત્તિમાં તારીખ ૧૦/૩/૨૦૦૮ના અંકમાં નીચે મુજબના સમાચાર છપાયા છે :

# "મુન્શી મહિલા બીએડ કૉલેજમાં સાંસ્કૃતિક કાર્યક્રમ"

''મુન્શી મેમોરિયલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મુન્શી મહિલા બીએડ કોલેજમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ પદે મુન્શી મનુબરવાલા ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી બશીર ચોકીવાલા રહયા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમમાં તાલીમાર્થી બહેનોએ **સરસ્વતી વંદના,** ગરબા, ગઝલ, કવ્વાલી, નાટક એકપાત્રિય અભિનય જેવા રંગારંગ કાર્યક્રમ રજૂ કર્યા હતા. વગેર વગેરે.......''

આ રંગારંગ કાર્યક્રમમાં ૧૮ થી ૨૧ વર્ષની મુસ્લિમ છોકરીઓએ ભાગ લીધો હતો, અને ગરબા, કવ્વાલી, નાટક ઉપરાંત **સરસ્વતી વંદના** ના શિર્કિય્યહ શ્લોકો ગાયા હતા.

તો શું મુસ્લિમ સ્કૂલોમાં મુસ્લિમ છોકરીઓ પાસે આ પ્રકાની ઈસ્લામ વિરુદ્ધ પ્રવૃત્તિઓ કરાવનાર મુસ્લિમ સંસ્થાઓને ઝકાત વગેરે આપવાથી તે ઝકાત અદા થશે ખરી ? વળી, આ પ્રકારની ઈસ્લામ વિરોધી કામ કરનાર મુસ્લિમ સંસ્થાના ટ્રસ્ટીઓ, સંચાલકો, સરપરસ્તો તથા સહાયકો વિશે શરીઅતનો શું હુકમ છે ? આશા છે કે વહેલી તકે જવાબ આપશો.

*લી. મૂસાભાઈ કરમાડી – લંડન.*

મુફતી મુસ્તફા સાહેબે (૨૪ કલાક અનેક દીની જિમ્મેદારીઓમાં રચ્યા પચ્યા હોવા છતાં ફુરસત કાઢી ફતાવાના રૂપમાં) જે જવાબ લખી મોકલ્યો તે શબ્દશઃ નીચે મુજબ છે.

باسمہ تعالیٰ

*અને અલ્લાહ તઆલાના જ હાથમાં સાચા જવાબની તવફીક છે.*

**જવાબ :** – (૧) ઘણાં જ અફસોસ અને દુઃખની વાત છે કે ગુજરાતમાં અમુક ગામોની મુસ્લિમ સ્કૂલોમાં સંસ્કૃત ભાષાની તઅ્લીમ પર ઘણી જ દિલચસ્પી લેવામાં આવી રહી છે, જે કુફ્ર અને શિર્કથી ભરેલી છે. ઈસ્લામમાં જે દરજો અરબી ઝબાનનો છે તે જ દરજો હિંદુત્વમાં સંસ્કૃતનો છે. નકારાત્મક વિચારસરણી ધરાવતા લોકો દલીલરૂપે આ વાત રજૂ કરશે કે અમે તો ફકત ઝબાન (ભાષા)ની હેસિયતથી સંસ્કૃતને શીખવી રહયા છે અને ઈસ્લામે ઝબાનદાનીની (ભાષા શીખવાની) કોઈ મનાઈ નથી ફરમાવી. ઝૈદ બિન સાબિત (રદિ.) ને દાખલા રૂપે પણ પેશ કરશે, પણ યાદ રહે કે ઝૈદ (રદિ.)ને આં હઝરત (સ.અ.વ.)એ હિબ્રુ શીખવાનો જે હુકમ આપ્યો હતો તે જરૂરતના આધારે હતો, જયારે સંસ્કૃતની હાલમાં કોઈ એવી આવશ્યકતા વર્તાતી નથી.

વધુમાં આપે દર્શાવેલ શ્લોકો જે વગર જરૂરતે મુસલમાન બચ્ચાંઓને શીખવવામાં આવી રહયા છે, અલ્લાહની પનાહ !

એની ખરાબ અસર મુસલમાન બાળમાનસ પર અનુમાનથી વધુ હશે. શરીઅતની રૂએ આવા શિર્કઆમેઝ શ્લોકો અને ગલત માન્યતાઓ ધરાવતા સાહિત્યને માધ્યમ બનાવી સંસ્કૃત શીખવવામાં આવતું હોય તો તે નાજાઈઝ અને હરામ હશે. મુસલમાન વડીલો માટે જરૂરી છે કે વખતની અતિજરૂરી નઝાકતને સમજી સ્કૂલ ચલાવતા કર્તાધર્તાઓની ખિદમતમાં દબાણપૂર્વક રજૂઆત કરે કે આ મૂર્તિપૂજા ફેલાવને જેમ બને તેમ જલદીથી ત્યજવાની કોશિશ કરે. મૂળમાં દીની તાલીમ તરફ લોકોનું ધ્યાન ઓછું થઈ રહયું છે. ત્યાં આવી કુફ્રિય્યહ તાલીમથી તેનું પારાવાર નુકશાન અત્યારે આંકી શકાય એમ નથી.

ઉલમાએ કિરામની તનતોડ મહેનતો પછી આપણો સમાજ અકાઈદની લાઈનથી માંડ માંડ મુસલમાન બચ્ચાંઓને દીની તઅલીમો તરબિયત તરફ લાવવામાં સફળ થયો છે. ત્યાં અચાનક આવી બેદીની તરફ માર્ગદર્શન ખૂબ ખતરાથી ભરેલી છે. તવહીદને બદલે આવા દેવી દેવતાઓથી ભરેલા મંત્રો અને શ્લોકોના ઉચ્ચાર પર મજબૂર કરવાવાળા સ્કૂલ માલિકો અને તેના સંચાલકો ગુનેહગાર છે. તેને ઉત્તેજન અને પ્રોત્સાહન આપનારો તેમના ગુનાહમાં સહભાગી છે. આવા આડા રસ્તે દોરવાથી તેમને બચવું જરૂરી છે તથા અલ્લાહ તઆલા પાસે સાચા દીલથી તોબા માંગી ઉમ્મતને નુકશાનથી બચાવવી ફર્ઝ છે.

(૨) જવાબ ૧ – માં જણાવ્યા મુજબ મુસલમાન બચ્ચાંઓને આ ભાષા આવી રીતે શીખવવી જાઈઝ નથી.

(૩) જો આ જ પ્રમાણે બેદીની તરફ લઈ જનારી આ સ્કૂલોમાં તઅલીમ અને તરબિયત અપાતી હોઈ તો તેમાં નાણાં આપવા ગુનાહના કામમાં મદદરૂપ થવા સમાન છે. અલ્લાહ તઆલાનું ફરમાન કુર્આને કરીમમાં تعاونوا علي البر والتقوى ولاتعاونوا علي الاثم والعدوان નેકી અને ભલાઈના કામોમાં મદદરૂપ બનો અને ગુનાહ અને અલ્લાહની નાફરમાનીના કામોમાં મદદરૂપ ન બનો.

અને દુર્રે મુખ્તાર બાબુલ મસ્રીફમાં છે કે .......

”و کره نقلها الا الیٰ قرابته او احوج او اورع او انفع
للمسلمين اومن دار الحرب
الیٰ دار الاسلام او الیٰ طالب علم“

**ભાવાર્થ :** ઝકાતની રકમને એક જગ્યાએથી બીજી જગ્યાએ મોકલવી મકરૂહ છે. ફકત એવા સંજોગોમાં મોકલવી સહીહ છે કે ત્યાં પોતાનાં સગાં–વહાલાંને મોકલવાની હોય જે ગરીબ અને નાદાર છે અથવા બીજી જગ્યાએ વધુ જરૂરતમંદો રહેતા હોય અથયા વધુ દીનદાર અને પરહેઝગારો રહેતા હોય જે હકદાર છે અથવા તે જગ્યાએ મોકલવાથી આમ મુસલમાનોને વધુ ફાયદાની ઉમ્મીદ હોય, અથવા દારુલહર્બથી દારુલ

ઈસ્લામમાં મોકલવાની હોય, અથવા ઈલ્મે દીન (કુર્આન અને હદીષ શીખનાર વિદ્યાર્થીઓ) શીખતા વિદ્યાર્થીઓને પહોંચાડાતી હોય.

<u>અન્ડર લાઈન</u> વાકયને ફરીથી વાંચવામાં આવે (આમ મુસલમાનોને વધુ ફાયદો થતો હોય) અહીંયાં ફાયદો તો શું ઈમાન ઉપર ડાકા ડાલવાની વાત છે. ખૂબ વિચારો કે આપણી ઝકાતને આપણે કયાં મોકલી રહયા છે?

(૪) સાંસ્કૃતિક કાર્યક્રમ યોજી તમો સરસ્વતીવંદના માટે તથા ગરબા કવ્વાલી અને રંગારંગ કાર્યક્રમ માટે મુસલમાન જવાન છોકરીઓને સાંસ્કૃતિક જાગૃતિના બહાને ઢસેડવી આ બધું ફિસ્કો ફુજૂર છે. નવજુવાન છોકરા/છોકરીઓને ડાન્સની તઅલીમ અને સ્ટેજો પર નામહરમોના ઈસ્તિકબાલ માટે ઊભી કરવી ભયંકર ગુનોહ છે. માં–બાપના માટે જરૂરી છે કે આવા ગુનાહોના અડ્ડાઓથી પોતાની પ્રાણપ્યારી બેટીઓની હિફાઝત કરે. ચાહે ન ચાહે આપણો સમાજ અધોગતિના પંથે જઈ રહયો છે. અલ્લાહતઆલા ઈમાનની સલામતી નસીબ ફરમાવે.... આમીન.....

ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.
મુ.મુસ્તફા ટંકારવી
દારુલ ઉલૂમ – લંડન
તા : ૨૦/૫/૨૦૦૮.

ઉપરોક્ત બે મુફતી સાહેબોના સિવાય ગમે તે આલિમ કે મુફતી સાહેબને  સંસ્કૃતમાં શિર્ક અને કુફ્રથી ભરેલા અકાઈદની વિગતો અને પ્રૂફો જો રજૂ કરવામાં આવે તો દરેકે દરેક વિના વિલંબે આવી ભાષાને ઈમાન માટે ખતરનાક ગણશે અને શીખવા, શિખવાડવાનું નાજાઈઝ તથા હરામ કહેશે.

જયારે વાત એમ છે તો તે મુસ્લિમ કૉલેજા, સ્કૂલોના સરપરસ્તો, સંચાલકો માસ્તરોને તેમની દીની ગૈરત તથા દૂરઅંદેશી બદલ ખરેખર દિલની ગહેરાઈઓથી મુબારકબાદી દેવી જોઈએ કે તેઓએ સંસ્કૃત ભાષાને ઈમાન માટે હાનિકારક તથા આખિરતને બરબાદ કરનારી ભાષા સમજી પોતાની કૉલેજો, સ્કૂલોમાં તેને સ્થાન આપ્યું નહીં. અને સંસ્કૃતના બદલે અરબી, ફારસી કે ઉર્દૂ ભાષા શીખવવા તરફ ધ્યાન આપ્યું. મુબારક હો.....

ગુજરાતની  જે જે મુસ્લિમ ગામોની સ્કૂલો કે મુસ્લિમ કૉલેજોમાં વધારાની ભાષા તરીકે સંસ્કૃતની તાલીમ આપવામાં આવી રહી છે, તેઓએ ઉપરોકત શાનદાર ખુલાસા અને જાનદાર ફતાવા વાંચી વહેલી તકે અલ્લાહના દરબારમાં માફી અને તૌબા કરવી જોઈએ. પછી વિના વિલંબે સંસ્કૃતને તિલાંજલિ આપવાનો નિર્ણય કરવો જોઈએ. એમાં જ  ઈમાનની સલામતી છે. –:– "મા ઉરીદુ અન ઉખાલિફકુમ ઈલા મા અન્હાકુમ અન્હુ. ઈન ઉરીદુ ઈલ્લલ ઈસ્લાહ મસ્તતઅ્તુ" –:–( હું એવું નથી ચાહતો કે જે

કામથી તમોને રોકું, તે હું પાછળથી પોતે જ કરવા લાગું, મારો આશય ફકત ઈસ્લાહ કરવાનો છે.) કુર્આને કરીમ.

ઉપરાંત, મુસ્લિમ છોકરા/છોકરીઓને મારી આગ્રહપૂર્વક ભલામણ છે કે એવું શિક્ષણ હરગિઝ હરગિઝ ના લેશો કે જેનાથી તમારું ઈમાન ચાલ્યું જવાનો ખતરો હોય, ભલે તમોને માં–બાપ કે સંચાલકો તરફથી આવી ભાષા શીખવા માટે મજબૂર કરવામાં આવે. છતાં તેનો બહિષ્કાર કરવો તમારા ઈમાનની હિફાઝત માટે અત્યંત જરૂરી છે. વમા તૌફીકી ઈલ્લા બિલ્લાહ.

**નોંધ :** ગુજરાત સરકાર તરફથી વધારાની ભાષા તરીકે એક મરજિયાત ભાષા સંસ્કૃતભાષા છે, જેની ધોરણ ૬ થી ૧૦ સુધીની ચોપડીઓમાં ફકત ૪૪ થી ૧૦૦ પેજ છે. આટલી નાની ચોપડીઓ હોવા છતાં એમાં હિંદુઓના અલગ અલગ દેવી દેવતાઓ તથા જુદા જુદા મંદિરોના ૪૩ ફોટાઓ છાપવામાં આવ્યા છે. જયારે કે એમાં એક પણ મસ્જિદ, મદ્રસા કે મકકા, મદીના શરીફનો ફોટો નથી, જેનાથી સાબિત થાય છે કે સંસ્કૃત ભાષા શિખવાડવાના સુંદર હેતુ પાછળ હિંદુત્વના પ્રચાર અને પ્રસાર વગર બીજો કોઈ જ હેતુ નથી. *"બ બીં તફાવુતે રાહ અઝ કુજા અસ્ત તા બકુજા"*

અંતમાં દરેક ભાઈ બહેનોને આગ્રહપૂર્વક ભલામણ કરવામાં આવે છે કે ઈમાન અને ઈસ્લામની હર હાલતમાં હિફાઝત કરવામાં આવે. ઈમાન એક એવી નેઅમત છે, જે દુનિયા અને આખિરતની લાખો કરોડો ભલાઈઓથી પણ કિંમતી છે. આ કિંમતી ઈસ્લામને આપણાં સુધી પહોંચાડવા માટે આપણા પ્યારા નબી હઝરત મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) એ જિંદગી ખપાવી દીધી છે. આપ (સ.અ.વ.)એ ભૂખે તરસે રહી, ખૂન વહાવી, ગાળો ખાઈ ઈસ્લામ ફેલાવ્યો છે. ઉપરાંત, આપના પ્યારા સહાબા (રદિ.)એ એના માટે જાનની કુર્બાનીઓ આપી, પોતાનાં છોકરાઓને યતીમ બનવ્યાં છે. અને આપણા બુઝુર્ગો, ઉલમાએ પણ રાત દિવસ તકલીફો ઉઠાવીને આ દીને ઈસ્લામ આપણા સુધી પહોંચાડયો છે. આવા કિંમતી ઈસ્લામને લાપરવાહીથી કે દૌલતના ઘમંડથી વેડફી નાંખવામાં હંમેશાના માટે દીન અને આખિરતથી મહરૂમ થવાનો ભય છે. માટે ઈસ્લામ, ઈમાનની કદ્ર કરતાં એની હિફાઝત દરેક મુસલમાનની ફરજ છે. અલ્લાહ પાક સમજવાની તૌફીક આપે, આમીન......

લી. મૂસાભાઈ કરમાડી. લંડનથી

તા : ૩૦-૫-૦૮.

# મજલિસે તહફફુઝે અહલે સુન્નત વલ જમાઅત - યુ.કે.

મજલિસે તહફફુઝે અહલે સુન્નત વલ જમાઅત (યુ.કે.) અલ્હમ્દુલિલ્લાહ ! ઈસ્લામ અને મુસ્લિમોને "સિરાતે મુસ્તકીમ" (સીધા માર્ગ)થી ભટકાવવા માટે ઈસ્લામ દુશ્મન દ્વારા આચરવામાં આવતા પ્રત્યેક પ્રપંચો અને ચાલ–બાજીઓથી અવામને વાકિફ કરવા એક સુવ્યવસ્થિત ચળવળ ચલાવી રહેલ છે. પ્રસ્તુત પુસ્તિકાના લેખક મવલાના મૂસા કરમાડી સાહેબ પણ આ મજલિસના એક અગત્યના ઝિમ્મેદાર છે. મઝલિસે તહફફુઝે અહલે સુન્નત વલ જમાઅત બાતિલ અને ગુમરાહ ફિરકાઓ વિશે ઈસ્લામ દુશ્મનોના ષડયંત્રોને પોતાના પ્રકાશન "સચ્ચાઈ" માસિક દ્વારા ખુલ્લા પાડવામાં સંશ્લિષ્ઠ પ્રયાસો કરે જ છે, પરંતુ સાથે–સાથે મજકૂર પુસ્તિકા જેવા સમયની માંગ અને જરૂરિયાત મુજબના પ્રકાશનો (કિતાબો, પુસ્તિકાઓ, પેમ્ફલેટો, ચોપાનીયા, સ્ટીકર્સ) વગેરે દ્વારા ઉમ્મતમાં જાગૃતિ લાવવાનું કામ પણ કરે છે.

ઉમ્મતના હમદર્દ ભાઈઓથી ગુજારિશ છે કે, પોતાના તથા પોતાના મર્હુમીનના ઈસાલે સવાબ માટે ઉમ્મતમાં બેદારી લાવવા આવા પ્રકાશનો (કિતાબો–પુસ્તિકાઓ) છાપવા–છપાવવામાં મજલિસે તહફફુઝે અહલે સુન્નત વલ જમાઅતનો તઆવુન (મદદ) કરે, બાતિલ વિરુદ્ધની મજલિસની ચળવળને વધુ વેગવાન બનાવવામાં સહકાર આપે. આપ તમામ ભાઈઓથી મજલિસના મુખપત્ર "સચ્ચાઈ" માસિકના ગ્રાહક બની, બનાવી દામે, દિરહમે, કદમે સુખને અને દુઆથી મદદ કરી નૈતિક બળ પૂરું પાડવા ગુઝારિશ છે.

ઇસ્માઈલ ભૂતા
પ્રમુખ

મજલિસે તહફફુઝે અહલે સુન્નત વલ જમાઅત - યુ.કે.